Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુ. ૬૯

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (0278) 2521698

પુસ્તક
૬૯

# શ્રી આત્માનંદ પ્રકાશ

વિક્રમ સંવત ૨૦૨૮ સને: ૧૯૭૧-૭૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (0278) 2521698



# આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૫ (ચાલુ) વીર સં. ૨૪૯૮
વિ. સં. ૨૦૨૮ કાર્તિક

## પ્રાર્થના—આત્મશુદ્ધિનો અમોઘ ઉપાય

જેમ શરીરને માટે ખોરાક આવશ્યક છે, તેમજ આત્માને માટે પ્રાર્થના આવશ્યક છે માણસ ખોરાક વિના ઘણા દહાડા ચલાવે....પણ પ્રાર્થના વિના માણસ ક્ષણવાર પણ ન જીવી શકે—ન જીવી શકવું જોઈએ.

જો તમારે શુદ્ધ ચારિત્ર અને ચિત્તશુદ્ધિ ઉપર તમારા જીવનનો પાયો નાખવો હોય, તો નિત્ય નિયમિત પ્રાતઃકાળે અને સંધ્યાકાળે પ્રાર્થના જેવો સરસ ઉપાય બીજો એકેય નથી.

ગાંધીજી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર

પુસ્તક : ૬૯ ] નવેમ્બર : ૧૯૭૧ [ અંક : ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા

| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
| --- | --- | --- | --- |
| ૧ | નૂતન વર્ષના મંગળ પ્રવેશે | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧ |
| ૨ | સમય સાર | અમરચંદ માવજી શાહ | ૬ |
| ૩ | મંત્રના બીજા ક્ષરો, યંત્રો અને મુદ્રાઓ. | પ્રો. હિરાલાલ ર. કાપડિયા | ૯ |
| ૪ | સં. ૨૦૨૬નો સરવૈયું હિસાબ | .... | ૧૪ |
| ૫ | જૈન સમાચાર | .... | ૧૯ |

## આભાર

શ્રી ઊંઝા ફાર્મસી લિમિટેડના માલીક શેઠશ્રી ભોગીલાલભાઈ નગીનદાસ જેઓ આપણી સભાના લાઇફ મેમ્બર પણ છે તેમના તરફથી ઘણા વર્ષોથી પચાંગ ભેટ મોકલવામાં આવે છે આ વર્ષે પણ વિ સ. ૨૦૨૮ની સાલના કાર્તિકી જૈન પચાગ સભાસદ બંધુઓને ભેટ આપવા માટે મોકલેલ છે શેઠની સભા પ્રત્યેની હાર્દિક લાગણી માટે અમો આભાર વ્યકત કરીએ છીએ.

## સાભાર ગ્રંથ સ્વીકાર

**સ્વર સાધના :** જયંતકુમાર રાહી, નવીન કટપીસ કલોથ સેન્ટર સોનાવાલા, બીલ્ડીંગ નં ૨ તારદેવ મુંબઈ ૭

**ધ્યાન શતક :** પ્રકાશક : દિવ્ય દર્શન કાર્યાલય કળુશીની પોળ અમદાવાદ ૧

**સમયદર્શીઆચાર્ય :** પ્રકાશક : આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મ શતાબ્દી સમિતિ શ્રી મહાવીર જૈન વિદ્યાલય ઓગષ્ટ ક્રાંતિ માર્ગ મુંબઈ ૨૬

**દિવ્ય જીવન :** પ્રકાશક : ઉપર પ્રમાણે

**ધી લાઇફ ઓફ એ સેઇંટ ઇંગ્રેજી :** પ્રકાશક : ઉપર પ્રમાણે

## ખાસ વિનંતિ

પ પૂ આ. પ્ર શ્રુતશીલવારિધિ મુનિરાજશ્રી પુણ્યવિજયજી મ. સ્વર્ગવાસી થતાં તેમની પ્રથમ પુણ્ય સંવત્સરી એ 'સ્મૃતિગ્રંથ' પ્રસિદ્ધ કરવાનો આ સભાએ ઠરાવ કર્યો છે. તો તેમના પરિચયમાં આવેલા મુનિરાજો, અને લેખકોને તેમનાં સસ્મરણો અથવા લેખો તા. ૩૧ ૧૨ ૭૧ પહેલાં લખી મોકલવા અમારી આગ્રહભરી વિનંતિ છે. જેઓ પાસે તેમના પત્રો, ફોટાઓ વગેરે પ્રસિદ્ધ કરવા યોગ્ય સામગ્રી હોય તે પણ અમને મોકલવા વિનંતિ છે આ સામગ્રી કામ પૂરૂં થયે સહી સલામત રીત મોકલનારને પાછી પહોંચાડી દેવાની આ સભા ખાત્રી આપે છે.

**પ્રમુખ : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### નવા માનવંતા પેટ્રન

# શ્રી પોપટલાલ નરશીભાઇ વોરા

### (ટૂંક જીવન પરિચય)



શ્રી અને સરસ્વતીનો સુમેળ કવચિત્ જ જોવામાં આવે છે. સોરઠ વિભાગના મોટી પાનેલીના વતની શ્રી પોપટલાલ નરશીભાઇ વોરાના જીવનમાં શ્રી અને સરસ્વતીનો આવો સુભગ યોગ થયો છે અને તે દ્વારા તેમણે પોતાના જીવનને ધન્ય બનાવ્યું છે.

શ્રી પોપટલાલભાઇના પિતાશ્રી સ્વ. નાનજી જેતશી વોરાનું કુટુંબ બહુ મોટું હતું. તેઓ મૂળ રહીશ છત્રાસાના હતા. સવાસો વર્ષ પહેલાં પોપટલાલભાઇના વડીલો ધંધા અર્થે સણોસરાં (માણાવદર સ્ટેટ) આવ્યા અને ત્યાંના ખાનસાહેબે સૌથી પ્રથમ આ કુટુંબને જમીનનો અઘાટ વેચાણ હક્ક આપ્યો. તેથી તેઓ સણોસરામાં જ રહી ગયા. શ્રી પોપટલાલભાઇનુ મોસાળ મોટીપાનેલી. શ્રી પોપટલાલભાઇનો જન્મ સં. ૧૯૪૪ના પોષ શુદ પૂનમ તા ૩૦-૧૨-૧૯૮૮ના દિવસે મોટી પાનેલીમાં મોસાળમાં થયો હતો.

પોપટલાલભાઇએ ગુજરાતી સાત ધોરણોનો અભ્યાસ કર્યો અને પછી એજ નિશાળમાં ડેપ્યુટી હેડમાસ્તર તરીકે જોડાઇ ગયા. ત્રણ વર્ષ સુધી ત્યાં નોકરી કરી સાડાસાત રૂપિયાની મૂડી લઇ પોપટલાલભાઇ નશીબ અજમાવવા ઇ. સ. ૧૯૦૬માં મુંબઇ આવ્યા.

મુંબઇમાં આવી સૌ પ્રથમ મુળજી જેઠા મારકેટમાં નોકરીએ રહ્યા. પણ મુંબઇનું વાતાવરણ અને હવાપાણી માફક ન આવ્યા. તથા ઇ. સ. ૧૯૦૯માં તેઓ કરાંચી ગયા જ્યાં માળિયા (મોરબી) નિવાસી શ્રી રવજીભાઇ ઝવેરચંદની સાથે એમને બહુ સારો મેળ મળી ગયો. યુવાન પોપટલાલભાઇમાં રહેલી શક્તિની કિંમત સૌ પ્રથમ રવજીભાઇએ આંકી લીધી. એક વર્ષની નોકરીના અંતે શ્રી પોપટલાલભાઇ તેમના અમુક ધંધામાં ભાગીદાર બની ગયા. નશીબે યારી આપી અને શ્રી પોપટલાલભાઇ ધંધાના વિકાસ અર્થે શ્રી રવજીભાઇ સાથે ઇ. સ. ૧૯૧૪માં ઇંગ્લાંડ ગયા. શ્રીમદ્ રાજચંદ્રના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જમાઇ શ્રી ભગવાનદાસ રણછોડદાસ સાથે પણ સંયુક્ત ધંધો શરૂ થયો અને ફરી વખત પણ ઇ. સ. ૧૯૧૯માં ઇંગ્લેંડ જઇ શ્રી પોપટલાલભાઇ ત્યાં અગિયાર માસ રહ્યા. ધંધાના વિકાસ અર્થે મુંબઈ આદિ જુદા જુદા સ્થળોએ શાખાઓ શરૂ કરવામાં આવી અને શ્રી પોપટલાલભાઇએ સારી એવી પૂંજી એકઠી કરી લીધી

સાદાઇ, સરળતા અને નિરભિમાનપણું એમના મહત્ત્વના ગુણો છે. ગરીબાઇ અનુભવેલી હોવાથી ધનનો જરાએ ઘમંડ નથી. જમણો હાથ આપે તે ડાબો હાથ પણ ન જાણે એ રીતે તેઓ દાન કરે છે. ઇ. સ ૧૯૫૫થી ધીકતા ધંધાને લાત મારી તમામ ધંધાકિય પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થઇ જીવનને આત્મલક્ષી બનાવી દીધું છે.

કામ કરવું પણ જાહેરમાં ન આવવું એમ માનનારા શ્રી પોપટલાલભાઇએ જૈન સમાજની સારી એવી સેવા કરી છે. શ્રી આત્મકમળ જ્ઞાન મંદિર, દાદર અને શેઠ દેવકરણ મુળજી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન બોર્ડીંગ, ધોરાજીમાં તેમણે ટ્રસ્ટી તરીકે પોતાની સેવા આપી છે સૌરાષ્ટ્ર મિત્ર મંડળના પ્રમુખ તરીકે તમણે ઘણાં વર્ષો સુધી પોતાની સેવા આપી છે. સોરઠ વિશાશ્રીમાળી જ્ઞાતિના લાભાર્થે તેઓ તન-મન-ધનપૂર્વક સેવા કરે છે.

તેમના લગ્ન ઇ. સ ૧૯૧૨માં ધોરાજી નિવાસી શ્રી સૌભાગ્યચંદ પાનાચંદ શાહની પુત્રી અજવાળીબેન સાથે થયા છે. વરષીતપ, વીશ સ્થાનક ઓળી જેવા મહાન તપ શ્રીમતી અજવાળીબેને કર્યા છે તેમજ વૃદ્ધવયે પણ વર્ધમાન આંબેલ તપની ઓળી કર્યા કરે છે. નવાણું જાત્રાનો લાભ પણ તેમણે લીધો છે

શ્રી પોપટલાલભાઇને ચાર પુત્રો અને એક પુત્રી છે ચારેય પુત્રોને માત્ર લક્ષ્મીનો વારસો ન આપતાં ઉચ્ચ કોટિની કેળવણી પણ પોપટલાલભાઇએ આપી છે. મોટા પુત્ર શ્રી જયંતીલાલ એન્જીનિયર છે, બીજા પુત્ર શ્રી શાંતિલાલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે, ત્રીજા પુત્ર શ્રી પ્રફુલચંદ્ર અમેરિકા જઇ કેમીકલ લાઇનમાં એમ. એસ. થઇ આવેલા છે, જ્યારે ચોથા નાના પુત્ર શ્રી પ્રવિણચંદ્ર અમેરિકા જઇ સીવીલ એન્જીનિયર થઈ આવેલા છે જયંતીલાલ અને પ્રવિણચંદ્ર પોતાનો સંયુક્ત ધંધો અમદાવાદમાં કરે છે અને બીજા બે ભાઇઓએ મોટી મોટી ધંધાદારી પેઢીઓમાં ઊંચા હોદ્દા પ્રાપ્ત કર્યાં છે. તેમના પુત્રી તારા બહેનના લગ્ન જામનગર નિવાસી સુપ્રસિદ્ધ માનસિંગભાઇ મંગળજી મહેતાના સુપુત્ર શ્રી મનુભાઇ સાથે કર્યાં છે. તારા બહેનના પુત્ર શ્રી હરિષભાઇ અને તેના પત્ની શ્રી દર્શનિકા બહેન અમેરિકામાં છે અને ત્યાં સ્થિર થયા છે.

આવા ઉદાર ચરિત અને ધર્મનિષ્ઠ સેવાભાવી સૌજન્યશીલ શ્રી પોપટલાલભાઇને પેટ્રન તરીકે મેળવવા બદલ આ સભા આનંદ અને ગૌરવ અનુભવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૬૯] કાર્તિક, વિ. ૨૦૨૮ ∴ નવેમ્બર, ઈ. સ. ૧૯૭૧ [અંક-૧

# નૂતન વર્ષના મંગળ પ્રવેશે

અડસઠ વરસની લાંબી મઝલ પૂરી કરી જૈન આત્માનંદ સભાનું મુખપત્ર 'આત્માનંદ પ્રકાશ' ઓગણુસીતેરમા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. કોઈપણ માસિક માટે આ પ્રસંગ ગૌરવ અનુભવવા જેવો છે અને તેનો યશ ચતુર્વિધ સંઘના ફાળે જાય છે. પૂજ્ય સાધુ ભગવંતો, પૂજ્ય સાધ્વીજીઓ, લેખકો અને લેખિકાઓ સૌનાં યથાશક્તિ ફાળાથી જૈન સમાજનું આ માનીતું માસિક યશસ્વી રીતે આગળ કૂચ કરી રહ્યું છે. આ રીતે જૈન આત્માનંદ 'પ્રકાશ'ના વિકાસ અને પ્રગતિ કાર્યમાં જેઓએ એક અગર બીજી રીતે અમને સહકાર અને માર્ગદર્શન આપેલાં છે, તેઓ સૌ અમારા ધન્યવાદને પાત્ર છે અને તેઓ સૌનો આ તકે અમે અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

ગત વર્ષમાં 'આત્માનંદ પ્રકાશે' પીરસેલી વિધવિધ પ્રકારની રસ સામગ્રીનો વિચાર કરીએ તો, ચાલુ આવતી પ્રણાલિકા ઉપરાંત સભાએ આ વર્ષમાં શેઠશ્રી સવાઇલાલ કેશવલાલ શાહ જે. પી. પ્રેસિડન્સી માજીસ્ટ્રેટ (કલકત્તા) અને શેઠશ્રી કપુરચંદ વીરજીભાઈ સંઘવી તરફથી આર્થિક સહાય મળતાં અનુક્રમે 'ભગવાન મહાવીર યુગના ઉપાસકો' અને 'જાણ્યું અને જોયું" એમ બે પુસ્તકો સભાના પેટ્રનો તેમજ આજીવન સભ્યોને ભેટ આપ્યાં છે અને આ બંને ગ્રંથોને સમાજમાંથી સારો એવો આવકાર મળવા પામ્યો છે. દરેક વર્ષની રીત મુજબ આ વખતે પણ મહાવીર જન્મ કલ્યાણક અંક તેમજ પર્વાધિરાજ શ્રી પર્યુષણ ખાસ અંક પ્રગટ કરવામાં આવ્યા છે. સભાની ચાલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવતી પ્રણાલિકા મુજબ 'આત્માનંદ પ્રકાશ'માં ખાસ કરીને જૈન દર્શન, તત્ત્વજ્ઞાન તેમજ અધ્યાત્મ વિષય પર વિદ્વાન લેખકોનાં લેખો, ધર્મ સાહિત્યક કથાઓ અને ધાર્મિક શિક્ષણને ઉત્તેજન મળે તેવા તેમજ સામાજિક પ્રશ્નોની સમીક્ષાને લગતા લેખોને સ્થાન આપવામાં આવે છે. ગદ્ય અને પદ્યની વિધવિધ સામગ્રી આ રીતે ગત વર્ષમાં પીરસવામાં આવી છે. લેખકો અને સાહિત્યકારોના સહકારથી જ 'આત્માનંદ પ્રકાશે' ખાસ કરીને જૈન જગતમાં અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આવી સામગ્રી પૂરી પાડવામાં ગત વર્ષે અમને પ્રોફેસર જયંતિલાલ ભાઈશંકર દવે, ડૉ. ઉપેન્દ્રરાય જ. સાંડેસરા, પ્રો. હીરાલાલ ર. કાપડિયા, ડૉ. જીતેન્દ્ર જેટલી, ડૉ. શિવલાલ જેસલપુરા, શ્રી કનૈયાલાલ વ્રજલાલ વાઘાણી, શ્રી અમરચંદ માવજી શાહ, મુનિશ્રી પ્રદ્યુમ્નવિજયજી, શ્રી દિવ્યાક્ષકુમાર મુકુંદરાય પંડ્યા, ડૉ. ભાઈલાલ એમ. બાવીશી, શ્રી અગરચંદ નાહટા, શ્રી ઝવેરભાઈ બી. શેઠ, શ્રી રતિલાલ મફાભાઈ, શ્રી હિંમતલાલ નથુભાઈ, શ્રીમતી કલાવતી બેન વોરા, શ્રીમતી ભાનુમતીબેન દલાલ તથા અન્ય લેખકોનો સહકાર મળ્યો છે તે માટે અમે આ પ્રસંગે તેઓ સૌનો આભાર માનીએ છીએ. અમે આશા રાખીએ છીએ કે ચાલુ વર્ષમાં પણ આ બધા લેખકો તેમનો સહકાર ચાલુ રાખશે અને 'આત્માનંદ પ્રકાશ'ના ધ્યેયને અનુરૂપ એવી લેખ સામગ્રી મોકલાવ્યા કરશે.

આ સભાના એક મુખ્ય સ્તંભરૂપ એવા આગમ પ્રભાકર શ્રુતશીલવારિધિ પરમપૂજ્ય મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબ, જેઓની આ સભા પર અસીમ કૃપા હતી અને સભાના મણિમહોત્સવ પ્રસંગે જેઓ ભાવનગર પધાર્યા હતા તેઓ તા. ૧૪-૬-૧૯૭૧ના મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યાની દુઃખદ નોંધ લેતાં અમે અત્યંત ખેદ અને વિષાદ અનુભવીએ છીએ. સદ્ગત જ્ઞાન તપસ્વી મુનિવર્યનું જીવન જ્ઞાનોપાસનાની અનેક સિદ્ધિઓથી સભર હતું. તેઓશ્રીએ જેસલમેર તેમજ અન્ય સ્થળોના જ્ઞાનભંડારોને સુવ્યવસ્થિત કર્યા છે. સાહિત્ય પ્રકાશનના કાર્યમાં તેઓશ્રી આ સભાને માર્ગદર્શન અને દોરવણી આપતાં અને સભા માટે તેમની ખોટ કદી પૂરી શકાય તેમ નથી. સ્વર્ગસ્થ મુનિશ્રીના જીવનને આવરી લેતો એક સ્મૃતિગ્રંથ તેમની પ્રથમ સ્વર્ગારોહણ તિથિના દિવસે બહાર પાડવાનું સભાએ નક્કી કર્યું છે.

'શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ'ના પ્રણેતા આચાર્ય વિકાસચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ તા. ૩-૬-૭૧ના રોજ ૭૩ વર્ષની વયે સાદડી (મારવાડ) મુકામે કાળધર્મ પામ્યા, જેમની સમગ્ર જૈન સમાજના માટે મોટી ખોટ પડી છે. શેષ જીવનમાં સોનગઢ મુકામે રહેતાં મુનિશ્રી કલ્યાણચંદ્રજી જેઓ બાપાના સુપ્રસિદ્ધ નામથી ઓળખાતાં તેમજ સુપ્રસિદ્ધ ભક્ત કવિ શ્રી શિવજીભાઈ વયોવૃદ્ધ ઉંમરે કાળધર્મ પામ્યા. ભાવનગરના વતની સુપ્રસિદ્ધ વિચારક, ચિંતક તેમજ લેખક શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનું તા. ૧૭-૪-૧૯૭૧ના મુંબઈમાં દુઃખદ અવસાન થયું. તેઓ જૈન યુવક સંઘના સ્થાપક હતા અને સમાજમાં પ્રવર્તી રહેલી અંધ શ્રદ્ધાને દૂર કરવામાં તેમણે સંગીન સેવાનો ફાળો આપ્યો છે. તેમની ચિરવિદાયથી કદી ન પૂરી શકાય તેવી મોટી ખોટ ઊભી થઈ છે. ભાવનગરના સુવિખ્યાત સેવાભાવી ધર્મનિષ્ઠ શેઠ વિઠ્ઠલદાસ મૂલચંદ શાહ જેઓ અનેક વરસો સુધી આ સંસ્થાના મંત્રીપદે હતા, તેમના તા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૫-૧૦-૭૧નારોજ ઘાટકોપર મુકામે દુઃખદ અવસાન થયાની નોંધ લેતાં અમને અત્યંત ખેદ અને શોક થાય છે. સભા સાથે તેમનો નિકટનો પરિચય હતો અને સભાના અભ્યુદય માટે તેઓ હરહંમેશ ચિંતિત રહેતા. વૃદ્ધાવસ્થામાં બિમાર હોવા છતાં 'આત્માનંદ પ્રકાશ' માટે તેઓ અવારનવાર લેખો મોકલાવતા હતા. જૈન સમાજના મુંબઇથી પ્રગટ થતાં જાણીતા અઠવાડિક 'સેવા સમાજ'ના માલિક અને તંત્રી શ્રી ઓસવાલજીનું દુઃખદ અવસાન ગત વર્ષમાં થયું. એકલા હાથે તેમણે તન-મન-ધનનો ભોગ આપી જૈન સમાજની અપૂર્વ સેવા કરી છે. આ રીતે પૂજ્ય સાધુ ભગવંતો તેમજ અન્ય સેવાભાવી કાર્યકરો જેઓનો ગત વર્ષે દેહોત્સર્ગ થયો તે સૌ આત્માને ચિરશાંતિ પ્રાપ્ત થાઓ એવી શાસનદેવને અમે પ્રાર્થના કરીએ છીએ.

ગત વર્ષમાં ડીસેમ્બર માસની ૨૫, ૨૬, ૨૭મી તારીખોએ સદ્ગત આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીનો જન્મ શતાબ્દી મહોત્સવ મુંબઈના ક્રોસ મેદાનમાં વિશાળ 'વલ્લભવિજય' નગરની રચના કરી બહુ ભવ્ય રીતે ઉજવાઇ ગયો. શતાબ્દી મહોત્સવના પ્રમુખ શ્રી પોપટલાલ ભીખાચંદ હતા અને સમારોહનું ઉદ્ઘાટન ભારત સરકારના ભૂતપૂર્વ રેલ્વે પ્રધાન શ્રી એસ. કે. પાટીલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ મંગળ પ્રસંગે મધ્યમ વર્ગના વસવાટ માટે મહાવીરનગરની યોજના તૈયાર કરવામાં આવી હતી અને તેનો અમલ કરવા માટે યોગ્ય પ્રયત્નો થઈ રહ્યા છે.

ભાયખલા જૈન મંદિરના ભવ્ય મંડપમાં આગમ પ્રભાકર મુનિશ્રી (હવે સ્વર્ગસ્થ) પુણ્યવિજયજી મહારાજની નિશ્રામાં રવિવાર તા. ૧૪-૪-૭૧ના રોજ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની શ્રી જૈન આગમ-ગ્રંથમાળાના નવમા અંગ ગ્રંથ શ્રી પન્નવણા સૂત્રના બીજા ભાગનું પ્રકાશન જાણીતા વિદ્વાન ડૉ. હિરાલાલ જૈનના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર શાંતમૂર્તિ આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરિજી મહારાજ તથા તેમનો વિશાળ શિષ્ય સમુદાય પણ હાજર હતો. પ્રકાશન વિધિ બાદ પ્રવચન પ્રભાવક વિદુષી સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજીના પ્રશિષ્યા શ્રી સૂર્યશાશ્રીજીને વડી દીક્ષા આપવાનું વિધિ કાર્ય કરવામાં આવ્યું હતું.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના માનદ મંત્રી શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ, સંસ્થાના મંત્રીપદેથી નિવૃત્ત થતાં તા. ૭-૨-૧૯૭૧ના રોજ મુંબઇના શેરીફ અને જાણીતા ઉદ્યોગપતિ શ્રી શાદીલાલજી જૈનના અધ્યક્ષપદે મુંબઇના તેજપાલ ઓડિટોરિયમમાં તેમનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

કારતક વદ ૯ તા. ૨૨-૧૧-૭૦ના રોજ પૂજ્ય આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજીની નિશ્રામાં ગોડીજી જૈન ઉપાશ્રયમાં સન્નિષ્ટ કાર્યકર અને આદર્શ ધાર્મિક શિક્ષક શ્રી ચીમનલાલ પાલીતાણાકરનું તેમની સેવા અર્થે સમાજ અને વિધ વિધ સંઘો દ્વારા અપૂર્વ સન્માન કરવામાં આવ્યું હતું અને તેમને રૂ. ૪૧૦૦૧ (રૂપિયા એકતાલીસ હજારને એક)ની થેલી ભેટ આપવામાં આવી હતી. એક ધાર્મિક શિક્ષકનું આવું અપૂર્વ સન્માન ધાર્મિક શિક્ષણ ક્ષેત્રના ઈતિહાસમાં પ્રથમ વાર થયું છે અને આશા છે કે અન્ય સંઘો તેમજ પાઠશાળાના કાર્યકરો આ ઉત્તમ પ્રથાનું અનુકરણ કરશે.

રાજસ્થાનના અને જૈન સમાજના જાણીતા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિદ્વાન શ્રી અગરચંદજી નાહટા જેમના લેખો 'આત્માનંદ પ્રકાશ'માં અવારનવાર પ્રગટ થાય છે, તેમની ષષ્ઠી પૂર્તિના શુભ અવસરે બીકાનેરની નાગરિક તથા સાહિત્યક સંસ્થાઓાં તરફથી તા. ૧૪-૩-૭૧ના દિવસે, પ્રોફેસર સ્વામી નરોત્તમદાસજીના પ્રમુખપદે, બીકાનેરના મહારાજ કુમાર શ્રી નરેન્દ્રસિંહજીના હાથે નાગરિક અભિનંદન કરવામાં આવ્યું હતું.

ધાર્મિક શિક્ષણ ક્ષેત્રે કામ કરતી મુંબઇમાં મુખ્ય ત્રણ સંસ્થાઓ છે. (૧) જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ (૨) જૈન ધાર્મિક શિક્ષણ સંઘ (૩) જૈન ધાર્મિક શિક્ષણ સોસાયટી. આ ત્રણે સંસ્થાઓનો જુદો જુદો અભ્યાસક્રમ હતો. પૂજ્ય આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજશ્રીએ સ્તુત્ય પ્રયાસો કરી ત્રણે સંસ્થાઓનો અભ્યાક્રમ એક સરખો કરી આપ્યો અને તદનુસાર આ વરસે પ્રથમ વખત એકજ પ્રકારના અભ્યાસક્રમના ધોરણે પરીક્ષા લેવામાં આવી હતી. અમે આ કાર્યને આવકારીએ છીએ.

શ્રી જૈન શ્વેતાંમ્બર કોન્ફરન્સનું ૨૩મું અમૃત અધિવેશન ઓકટોબર માસની તા. ૮-૯-૧૦ તારીખે મુંબઇમાં નકકી આવ્યું હતું અને તે અર્થે સારી એવી તૈયારીઓ કાર્યકરો તરફથી થઇ રહી હતી. છેલ્લી ઘડીએ આ અધિવેશન મુલતવી રાખ્યાની જાહેરાત કરવામાં આવી અને ફરી આ અધિવેશન કયાં અને કયારે ભરાશે તે સંબંધે પ્રકાશ પાડતું કશું નિવેદન કોન્ફરન્સની કાર્યવાહક સમિતિએ બહાર પાડયું નથી. શ્વેતામ્બર જૈનોની આ એક સર્વ માન્ય સંસ્થા છે. પરંતુ તેમ છતાં કોન્ફરન્સનું અધિવેશન એકાએક શા કારણે મુલતવી રાખવું પડયું, તે અંગે સ્પષ્ટ કારણો જાણવાના ન મળ્યાં તેથી લોકોમાં એક પ્રકારની અશ્રદ્ધા અને કચવાટ ઉત્પન્ન થવા પામ્યાં છે. અમે આશા રાખીએ છીએ કે કોન્ફરન્સનું મુલતવી રહેલું અધિવેશન ટૂંક સમયમાં વધુ યશસ્વી રીતે ગોઠવી કોન્ફરન્સ પ્રેરણારૂપ બની જૈન સમાજને માર્ગદર્શન રૂપ બનશે. કોન્ફરન્સના સ્તુત્ય પ્રયત્નોના કારણે શ્રી વર્ધમાન કોઓપરેટીવ બેંકના ઉદ્ઘાટનનું કાર્ય શકય બન્યું છે અને આ રીતે ઘણા વખતની એક જરૂરિયાત પૂરી થઈ છે. જૈન સમાજ આ બેંકને પોતાની માની તેને આગળ ધપાવવા પ્રયત્નો કરે એ જરૂરી છે. જૈન એ વેપારી કોમ છે અને નવી સ્થપાયેલી આ બેંકને સફળ બનાવાના કાર્યમાં તેઓ બહુ સારો સહકાર અને મદદ આપી શકે તેવું છે

ગયા વરસે નૂતન વર્ષના મંગળ પ્રવેશમાં ભગવાન મહાવીરના નિર્વાણની પચીસમી શતાબ્દી જૈનોના દરેક ફીરકાના આગેવાનોએ મળી સર્વ પક્ષી ધોરણે ઉજવવામાં આવે તે સંબંધે અમે ઇસારો કર્યો હતો. બુદ્ધ ભગવાનની માફક રાષ્ટ્રીય ધોરણે ભગવાન મહાવીરની પચીસમી શતાબ્દી ઉજવવાની દિશામાં યોગ્ય પગલાં ભરાઇ રહ્યાં છે તે સમયે આપણા સચ્ચરિત અને વંદનાપાત્ર કોઇ કોઈ સાધુઓએ વિસંવાદી સૂર દાખવ્યો છે તે અમને દુઃખદ લાગે છે. એક તરફ આપણે અનેકાન્તમાં માનવાનો દાવો કરીએ અને બીજી તરફ એકાન્તવાદીનો માફક વર્તન કરીએ તો તેથી અન્ય લોકો પાસે ઘણીવાર આપણે હાંસીપાત્ર બની જઇએ છીએ. ભગવાન મહાવીર કોઇ સાંપ્રદાયિક વિભૂતિ ન હતા અને જીવો માત્રના કલ્યાણ માટે ભગવાને જગતને ઉપદેશ આપ્યો છે. તો પછી, જૈનો જેમ ભગવાન મહાવીરની પચીસમી શતાબ્દી ઉજવે, તેમ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાષ્ટ્રીય ધોરણે સરકાર પણ તેવી જયંતી ઉજવતી હોય તો તેમાં ભાગ ન લેવાની સલાહ આપવી એ નિષેધાત્મક વલણ છે અને અનેકાન્ત દૃષ્ટિના સિદ્ધાંત વિરૂદ્ધ છે. લશ્કરમાં જેમ સેનાધિપતિની મહત્ત્વતા મુખ્યપણે છે તેમ ધર્મક્ષેત્રમાં ત્યાગ-તપ-સંયમના શિખરે બેઠેલા આપણા મુનિ મહારાજોની મહત્ત્વતા પણ અનેક રીતે છે. 'મારૂં તે સારૂં" એ નીતિને બદલે 'સારૂં એ મારૂં" એ નીતિ અપનાવવાની જરૂર છે. કોઈ અન્ય સંપ્રદાય દ્વારા અગર રાષ્ટ્રીય ધોરણે ભગવાન મહાવીરની જન્મ જયંતી ઉજવવામાં આવતી હોય અને તેમાં કોઈને ભાગ ન લેવો હોય તો ન લે પણ તે માટે વિરોધ દર્શાવવો એ યોગ્ય નથી. આપણી શક્તિનો ઉપયોગ ખંડનાત્મક રીતે નહીં પણ રચનાત્મક ધોરણે થવો જોઇએ. આવો જ બીજો વિવાદાસ્પદ પ્રશ્ન તિથિને લગતો છે. ભિન્ન ભિન્ન મતના કારણે તપગચ્છ સંઘમાં આ વરસે સંવત્સરી મહાપર્વની આરાધના એક જ દિવસે થવાને બદલે બે દિવસે થવાની છે. આ પદ્ધતિ સમગ્ર જૈન સમાજના માટે કલંક રૂપ છે. યોગ્ય અને સાચો માર્ગ તો એ છે કે ભિન્ન ભિન્ન મત ધરાવનારાઓ આપણા આચાર્ય ભગવંતો સાથે બેસીને તેનો ઉકેલ લાવે અને જૈન સંઘમાં ભાગલા ન પડે, તે માટે એક જ દિવસે સૌ સંવત્સરી પ્રતિક્રમણ કરે એવો કોઈ ડહાપણ ભર્યો માર્ગ શોધી કાઢે.

બંગલા દેશની પ્રજા સાથેના પાકીસ્તાનના ગૂંડાગીરીભર્યા વર્તાવના કારણે ત્યાંથી આવેલા લગભગ એક કરોડ નિરાશ્રિતોને ભારત સરકારે આશ્રય આપવો પડયો છે. આ અંગે સરકારને હરહંમેશ લાખો રૂપિયાનો ખર્ચ વેઠવો પડે છે. ચોર કોટવાળને દંડે એવી નીતિ પાકીસ્તાનની આપણી સાથે રહી છે. પરિસ્થિતિ અત્યારે તો એટલી વણસી ગયેલી છે કે ભારત અને પાકીસ્તાન વચ્ચે કોઇપણ ઘડીએ યુદ્ધ જાગી ઊઠે. મોંઘવારી વધતી જાય છે અને મધ્યમ વર્ગ અત્યંત ખરાબ રીતે પીસાઇ રહ્યો છે. આ સંજોગોમાં ભારતીય પ્રજા તરીકે આપણું કર્તવ્ય થઇ પડે છે કે આપણા ધર્મ અનુષ્ઠાનો બહુ ખર્ચાળ રીતે ન ઉજવતાં પૂર્ણ ભક્તિભાવપૂર્વક પણ સાદાઇથી ઓછા ખર્ચે ઉજવીએ. અનુષ્ઠાનોનાં તાત્ત્વિક અને સાત્ત્વિક ફળનો આધાર તેની પાછળ ખોટી રીતે વેડફાતાં નાણાં પર નથી, પણ તેની પાછળ રહેલી ભક્તિ અને પવિત્રતા પર છે. આજે તો ભક્તિમાં ઓટ આવતી દેખાય છે અને ખોટા દેખાવો અને આડંબરો જોવા મળે છે. અનુષ્ઠાનો પાછળના ભપકાઓમાં ભક્તિ કરતાં હરિફાઇનું તત્ત્વ તેમજ વધુ ચડિયાતા દેખાવાની વૃત્તિજ કામ કરતી જોવામાં આવે છે. જે વાત અનુષ્ઠાનો માટે કહીએ છીએ તે વાત વ્યાવહારિક અને સામાજિક પ્રસંગોને પણ સમાન દરજ્જે લાગુ પડે છે. આ સંબંધમાં થતાં ખર્ચાઓ તો ખોટા અને અર્થહીન છે, તેથી સુખી અને સાધન સંપન્ન લોકો આવા ખોટા ખર્ચા અને જલસાઓમાં વેડફાતાં નાણાં બચાવી તેનો ઉપયોગ મધ્યમ અને ગરીબ વર્ગના જૈન ભાઇ બહેનોનાં કલ્યાણ અર્થે કરે તે અત્યંત જરૂરનું છે,

અંતમાં નવા વર્ષમાં પ્રવેશ પ્રસંગે અમારી એજ પ્રાર્થના છે કે આત્મકલ્યાણના માર્ગે યત્કિંચિત્ પ્રકાશ પાથરવાની અમારી મંગળ ભાવના સફળ થાઓ.

धावन्तीह जना धनाय बहुशः कामाहतास्तद्दहदि ।
आत्मानं दप्रकाशदीपकिरणः प्राप्नोतु शाश्वत्पदम् ।।

—મનસુખલાલ તા. મહેતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# समयसार

લેખક— અમરચંદ માવજી શાહ

વિજ્ઞાને વર્તમાનમાં ભૌતિક અજબ સિદ્ધિઓ હાંસલ કર્યા પછી હવે વિજ્ઞાનની દૃષ્ટિ આધ્યાત્મિક સૃષ્ટિ તરફ તેની મીટ મંડાણી છે. અને આત્મા, ચૈતન્ય, જડ કર્મ, પુનર્જન્મ–સંસાર, ગતિ અગતિ તેનું અરૂપી સ્વરૂપ છતાં જડ દેહમાં તેનું પ્રકાશિતપણું આ બધી આધ્યાત્મિક જગતની આંતરશોધ માટે વિજ્ઞાન પોતાની સાધના આંતરશોધથી વૈજ્ઞાનિક રીતે તેની યથાર્થતા સિદ્ધ કરવા તરફ કદમ ભરી રહ્યું છે. ભૌતિક શોધોમાં ઘણી શોધો–પૂર્વ-સર્વજ્ઞ–શ્રુતજ્ઞાનીઓનાં સેંકડો વરસો પૂર્વે લખાયેલા ...ઓની સર્વજ્ઞ વાણીને અનુરૂપ સિદ્ધ થઇ ચૂકી છે અને તે પ્રત્યક્ષપણે તેનો ઉપયોગ માનવજાતિ કરી રહી છે એટલે સર્વજ્ઞતાની સિદ્ધિ વૈજ્ઞાનિક રીતે પણ થઇ ગઇ છે, હવે આધ્યાત્મિક સિદ્ધિ માટે યોગસાધના દ્વારા આત્માના અનુભવનું જ્ઞાન વૈજ્ઞાનિક રીતે સિદ્ધ કરવા માટે વિજ્ઞાનીઓ પ્રવૃત્તિ કરી રહ્યા છે અને તે માટે જૈનદર્શનની આત્મ સ્વરૂપ પ્રકાશક સર્વજ્ઞવાણી વિજ્ઞાનીઓને પ્રબળ પ્રેરણા આપી શકશે, અને આધ્યાત્મિક સિદ્ધિ હાંસલ થઇ જાય તો પછી વિશ્વમાં આધ્યાત્મિક અને ભૌતિક એક વાક્યતા સધાતા આત્મધર્મની સિદ્ધિ આપો આપ થઇ જશે અને સર્વજ્ઞ ભગવાન મહાવીરસ્વામીના તત્ત્વજ્ઞાનનો પ્રકાશ પરિપૂર્ણ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરશે અને ત્યારે જ વિશ્વશાંતિ સ્થપાશે.

ભગવાન મહાવીરસ્વામીની દ્વાદશાંગી અને આગમોમાં દ્રવ્યાનુયોગ–ચરણકરણાનુયોગ–ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગમાં–જ્ઞાનનો સાગર ભર્યો છે અને જે વર્તમાનમાં ઉપલબ્ધ છે, તે પણ માનવજ્ઞાનને માટે પરમ ઉપકારી એ વારસો છે. સર્વજ્ઞ વીતરાગ ભગવાનની સત્ય જ્ઞાન વાણીની સરિતા પરંપરા આચાર્યો, ઉપાધ્યાયો મુનિ ભગવંતો દ્વારા અદ્યાપિ અસ્ખલિતપણે વહેતી રહી છે અને અનેક ભવ્ય જીવો તરણતારીણી, ભવદુઃખહારીણી વાણીનું પાન કરી, આત્મકલ્યાણ સાધી રહ્યા છે એ વાણી સ્યાદ્વાદ–અનેકાંતવાદથી અલંકૃત છે. પરમાર્થને કહેવા માટે વાણીરૂપ વ્યવહારથી પરમાર્થનું જ્ઞાન થાય છે.

સમયસાર શાસ્ત્ર જોકે તે સાંપ્રદાયિક દિગંબર શાસ્ત્ર ગણાય છે. પરંતુ તે શાસ્ત્રની આદિ 'વંદિત્તુ સવ્વસિધ્ધે'થી થઇ છે અને પૂર્ણ થતાં તેમાં કર્તાનું નામ પણ આપેલ નથી. અને તેમાં નિશ્ચયનય પ્રધાનતાથી વ્યવહારને ગૌણ કરી શુદ્ધ આત્માનું સ્વરૂપ જેવું તેનું અસલી સ્વરૂપ છે તેવું નગદ રીતે નવતત્વ જે ભગવાન મહાવીર સ્વામીના શાસનમાં નગદ તત્વજ્ઞાન છે જેમાં સમસ્ત આધ્યાત્મિક નિરૂપણ અનુપમ રીતે થયેલ છે, જેમાં ૧૦મું તત્વ શોધવું મુશ્કેલ છે એવા નવતત્વને હેય, જ્ઞેય, ઉપાદેય રૂપે દર્શાવી. આધ્યાત્મિક વિજ્ઞાન બહુજ સુંદર રીતે પ્રકાશિત કર્યું છે.

અધ્યાત્મવાદીઓ હંમેશા સંપ્રદાય અવંચક હોય છે. તેને દિગંબર શ્વેતાંબર મત પંથના ભેદાભેદમાં પડવાની જરૂર રહેતી નથી પરંતુ પોતાના સાધ્યરૂપ આત્માને સાધનરૂપ આત્મધર્મ આચરી પોતાનું વાસ્તવિક સ્વરૂપ પ્રાપ્ત કરવાનીજ ભાવના હોય છે. સમયસાર ગ્રંથને દિગંબર કે શ્વેતાંબરનો કહેવામાં પણ કહેવા માત્ર છે. એમાં કોઈ દિગંબર મતની પ્રરૂપણા અને શ્વેતાંબર મતનું ખંડન દૃષ્ટિગોચર થતું નથી. અને નિશ્ચય વ્યવહારની સંધિપૂર્વક નિશ્ચયને સાધ્ય તરીકે સ્વિકારી વ્યવહારનું સાધન તરીકે નિરૂપણ કરી, સ્યાદ્વાદ દર્શનની અનેકાંતવાદની યથાર્થતા સિદ્ધ કરી છે.

નિશ્ચય અને વ્યવહાર બંને નયોજ છે. નય એક શ્રુત પ્રમાણનો અંશ છે એક નયથી વાત કરતા બીજો નય ન દુભાય તેનો અનેકાંતવાદિ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હંમેશા ઉપયોગ રાખતો હોય છે. એક નયથી વાત કરતા બીજો નય ગૌણવાળો પણ પરમાર્થ ભાષામાં એક સાથે બન્ને નયોથી નિરૂપણ ન થાય એટલે મુખ્ય ગૌણપણે થઈ જાય છતાં સ્યાદ્‌વાદ મતમાં તેનો વિરોધ ન હોવો જોઈએ જેઓ કેવળ એક નયને પકડી કાંતો વ્યવહારમાં મગ્ન રહે છે અથવા નિશ્ચયમાં રમણ કરે છે તો તે બન્ને દુર્નય છે અને એ એકાંતવાદિ મિથ્યાત્વિક ગણાય છે તેને તત્વસ્વરૂપ પ્રાપ્ત થતું નથી. અને ભવભ્રમણ અટકતું નથી. સા–રી–ગ–મ પ–ધ–ની ના સાતે સુરનો એક રસ થાય ત્યારે સંગીતની કળા શોભે છે તેમ સાતે નય (નૈગમ, સંગ્રહ, ઋજુસૂત્ર, વ્યવહાર, એ ચાર પર્યાયાર્થિક નય અને શબ્દ સમભિરૂઢ અને એવંભૂત દ્રવ્યાર્થિકનય) સાધ્યલક્ષે યથાસ્થાને ગુણસ્થાનકશ્રેણી અનુસાર જ્યાં જે યોગ્ય હોય તે રીતે ઉપયોગ કરાય, તે રીતની સાચી સમજણ થાય ત્યારે આ આત્મા સમ્યગ્‌દૃષ્ટિપણું પ્રાપ્ત કરી શકે, સમ્યગ્‌દૃષ્ટિ એ જ સત્યદૃષ્ટિ. એ પ્રાપ્ત થયા પછી ગુણસ્થાન ક્રમ અનુસાર પ્રગતિ કરતો આત્મા કૈવલ્ય પ્રગટાવી વીતરાગ ભાવમાં પરિણમી સિદ્ધ થઇ શકે એટલે દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિક નય બને યથાસ્થાને ઉપયોગમાં લેવા જોઈએ–અનુભવ પ્રાપ્ત થયા પછી બન્ને નયનું પ્રયોજન રહેતું નથી.

આ સત્યદૃષ્ટિ સમજાવવા માટે સમયસાર ગ્રંથ ઉત્તમ છે છતાં તેમાં ભયસ્થાન છે. એકાંતવાદમાં કેવળનિશ્ચય ભાસી થઇ. વ્યવહારનો બોધ કરી સાધનોનો ત્યાગ અપકવજ્ઞાન દશામાં કરી અતોભ્રષ્ટ નતોભ્રષ્ટ થવાનું, એ માટે નય-નિક્ષેપ પ્રમાણ એ બધું યથાર્થ સમજી પછી જ અથવા કાચો પારો પચાવવા જેવા શાસ્ત્રોનો સ્પર્શ કરી શકાય નહીંતર તેનું અજીર્ણ થયું તો ન રહે ઘરના કે ન રહે ઘાટના એવી દશા થાય. કવિવર બનારસીદાસજી બહુ વિદ્વાન હતા પરંતુ તેમણે સમયસારની આત્મખ્યાતિ ટીકા કળશ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યે લખી છે. તેનાં કળશોની ટીકા પંડિતશ્રી રાજમલ્લજીએ છે તે ગ્રંથ તેમણે વાંચતા પ્રથમ તો તેઓ એકાંત નિશ્ચયનયાભાસમાં ખુંચી ગયા અને નગ્ન થઇ નાચવા માંડયા હતા તેની દવા જ્યારે ગોમટ્ટસાર જીવકાંડ કર્મકાંડ તેમને વાંચવા આપ્યા અને ગુણસ્થાનક ક્રમ આદિ વ્યવહાર માર્ગનું અવલોકન કર્યું ત્યારે તેમના અંતરચક્ષુઓ ખુલી ગયા અને પાટા ઉપર ગાડી ચડી ગઇ અને સમ્યગ્‌દૃષ્ટિ પ્રાપ્ત કરી નાટક સમયસારની હિંદી પદ્યમાં અનુપમ રચના કરી તેમાં છેલ્લા અધિકારમાં ૧૪ ગુણસ્થાનકની સીડી સમયસાર રૂપ મહેલ ઉપર ચડવા રચના કરી.

સમયસાર એટલે Science of Soul એટલે આત્મવિદ્યાની સાયન્સ છે આત્મવિજ્ઞાન પ્રાપ્ત કરવા માટે સમયસાર પ્રૌઢ ગંભીર ગ્રંથ છે તે જેને તેને જેમ તેમ પીરસવામાં આવે તો અર્થનો અનર્થ થઇ જાય અને પચવામાં ભારે પડી જાય. સમયસારની વ્યાખ્યા સમ કહેતા સમ્યગ્‌દર્શન. અય કહેતા સમ્યગ્‌જ્ઞાન અને સાર કહેતા ચારિત્ર આવા રત્નત્રય રૂપ પરિણમેલો શુદ્ધ આત્મા તે સમયસાર છે આધ્યાત્મિક વિજ્ઞાન પ્રાપ્ત કરવા માટે વિજ્ઞાનીઓને પણ ઉપયોગી થાય તેવો આ ગ્રંથ છે.

આ ગ્રંથ બીન સાંપ્રદાયિક છે તે સંબંધમાં શ્રી જૈન સિદ્ધાંત સભાના પ્રમુખ સ્વ. શેઠ નગીનદાસ ગીરધરલાલ લખે છે કે—

"શ્રી કુંદકુંદાચાર્યના બધા ગ્રંથોમાં સમયસાર ગ્રંથ સૌથી શ્રેષ્ઠ છે તેમણે બીજુ કાંઇપણ લખ્યું ન હોત અને આ એક સમયસાર ગ્રંથ લખ્યો હોત તો પણ શ્રી કુંદકુંદાચાર્યની વિદ્વતા એટલીજ અંકાત એમ હું માનુ છું કારણકે 'સમયસાર' એ અજોડ અને અસાંપ્રદાયિક ગ્રંથ છે."

સમયસાર ગ્રંથનો આધાર લઇ ન્યાય વિશારદ ઉ. મ. શ્રી યશોવિજયજી મહારાજ સાહેબે અધ્યાત્મસારના છેલ્લા બે પ્રકરણો આત્મજ્ઞાનાધિકાર નિશ્ચયાધિકાર લખ્યા છે યોગીશ્રી આનંદઘનજીએ પણ તેમના સ્તવનોમાં સ્વસમય પરસમયમાં સમય-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સારનો ધ્વનિ પ્રસારિત કર્યો છે. એ ચોવીશીની ટીકાનું વિદ્વદ્વર્ય પંડિત શ્રી પ્રભુદાસ બેચરદાસભાઈએ સુંદર પ્રકાશન કર્યું છે તેમાં તેઓશ્રીએ આ સ્તવનની ટીકામાં સમયસાર ગ્રંથ વિષે નિચે મુજબ લખ્યું છે.

"સમયસાર ગ્રંથ મોટા ભાગે માર્ગાનુસાર જૈન શાસનાનુસાર પ્રતિપાદન કરે છે. સમયસાર ગ્રંથ અપ્રમત્ત ભાવને પ્રાપ્ત મુનિપણાની આત્મદશા અને તેનો માર્ગ તથા કર્તવ્યો તથા ધર્મસન્યાસ સામર્થ્યયોગીની કક્ષાના આત્માનું સ્વરૂપ બનાવનાર ગ્રંથ છે.

આત્માની સાથે અભેદરૂપે નવતત્વો ઘટાવ્યા છે આત્મારૂપ છ આવશ્યકો ઘટાવ્યા છે તે બધું સંગત છે વ્યવહારનું એકાંત ખંડન ન કરવાની કાળજી છતાં નિશ્ચય નયની દૃષ્ટિથી પ્રતિપાદન કરનાર ગ્રંથ છે.

શ્રી કુંદકુંદાચાર્યે જૈન ધર્મની ઇમારતથી કોઈપણ જુદી ઈમારત રચી નથી વાસ્તવિત રીતે તેમની આખી વિચારસરણી જૈન દર્શનની ઇમારત સાથે સંગત છે.

સમયસાર એકાંતથી ક્રિયાનો નિષેધક નથી કેમકે શ્રી કુંદકુંદાચાર્ય પોતેજ સાધુ જીવનની ક્રિયામાં રહ્યા હતા.

જ્ઞાન અને ક્રિયા એ બન્ને એક સિક્કાની બે બાજુ છે જ્ઞાનક્રિયાથી જ મોક્ષની સાધના થાય છે. જ્ઞાનનું ફળ વિરતી છે. જો તે ન હોય તો તે શુષ્ક જ્ઞાન છે. આ સંબંધે સમયસાર ગ્રંથની ટીકામાંજ નીચે મુજબ ભાવાર્થ લખ્યો છે.

"જ્યાંસુધી શુદ્ધ ભાવની પ્રાપ્ત થઈ નથી ત્યાંસુધી જેટલું અશુદ્ધ નયનું કથન છે તેટલું યથાપદવી પ્રયોજનવાન છે. જ્યાંસુધી યથાર્થજ્ઞાન શ્રદ્ધાનની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાંસુધી તો જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે એવા જિન વચનનું સાંભળવું, ધારણ કરવું જિનવચનોને કહેનારા શ્રી જિન ગુરૂની ભક્તિ બિંબનું દર્શન ઇત્યાદિ વ્યવહાર માર્ગમાં પ્રવૃત્ત થવું પ્રયોજનવાન છે.

અને જેમને શ્રદ્ધાન્ જ્ઞાન તો થયા છે પણ સાક્ષાત પ્રાપ્તિ થઈ નથી તેમને પૂર્વ કથિત કાર્ય પર દ્રવ્યનું આલંબન છોડવારૂપ અણુવ્રત મહાવ્રતનું ગ્રહણ સમિતિ ગુપ્તિ પંચ પરમેષ્ઠિના ધ્યાનરૂપ પ્રવર્તન એ પ્રમાણે પ્રવર્તનારાઓની સંગતિ કરવી અને વિશેષ જાણવા માટે શાસ્ત્રોનો અભ્યાસ કરવો ઇત્યાદિ વ્યવહાર માર્ગમાં પોતે પ્રવર્તવું અને બીજાને પ્રવર્તાવવું એવો વ્યવહાર નયનો ઉપદેશ અંગીકાર કરવો પ્રયોજનવાન છે.

શુદ્ધ નયનો વિષય જે સાક્ષાત શુદ્ધ આત્મા તેની પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી વ્યવહાર પણ પ્રયોજનવાન છે એવો સ્યાદ્વાદ મતમાં શ્રી ગુરૂઓનો ઉપદેશ છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ આત્મસિદ્ધિમાં પ્રરૂપ્યું છે કેઃ—

" નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવા નોય,
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવા સોય;
નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ,
એકાંતે વ્યવહાર નહીં, બન્ને સાથે રહેલ "

આ રીતે દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક બન્ને નયોનું લક્ષ રાખી આ ગ્રંથનો સ્વાધ્યાય કરનારને પરમ આધ્યાત્મિક પરમાર્થ સ્વરૂપનો લાભ અવશ્ય થાય છે.

સમયસાર સમતા રસે, અમૃત સમ છલકાય,
નિજ સ્વરૂપને પામવા, નિત્ય કરો સ્વાધ્યાય.

—અમર આત્મમંથન

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મંત્રના બીજાક્ષરો, યંત્રો અને મુદ્રાઓ

લે૦ પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

## (૧) મંત્ર વિચાર

આપણા આ દેશમાં-'ભારત' વર્ષમાં મંત્ર, યંત્ર અને તંત્ર એ ત્રિપુટી વિષે જાત-જાતની માહિતી પ્રાચીન સમયથી અપાતી આવી છે. મંત્રને જેમ 'મંતર' કહે છે તેમ યંત્રને 'જંતર' કહે છે. વળી જંતર-મંતર (અર્થાત્ યંત્ર-મંત્ર) તેમ જ છૂમંતર (એટલે કે જંતરમંતરનો પ્રયોગ) જેવા શબ્દો તો ખૂબ જ પ્રચલિત જણાય છે. તંત્ર શબ્દના ચાર અર્થો "સાર્થ ગુજરાતી જોડણીકોશ"માં અપાયા છે. તેમાં પ્રથમ અર્થ નીચે મુજબ અપાયો છેઃ—

"હિંદુઓનાં એક પ્રકારનાં શાસ્ત્રો (તેમાં મંત્રો, પ્રયોગો અને ક્રિયાઓ ઉપર વધુ ભાર મૂકેલો છે)"

આ કોશમાં 'જાદુ'નો અર્થ "મંત્ર, તંત્ર કે હાથચાલાકીનું કામ" એમ કરાયો છે.

કેટલાંક વર્ષો પૂર્વે મેં એક પુસ્તકાલયમાં તંત્ર વિદ્યાને લગતું પુસ્તક જોયું હતું પણ આજે એનું નામ વગેરે યાદ આવતું નથી. 'તંત્ર' વિષે એક સ્વતંત્ર લેખ લખવાનો હોઇ હું આ લેખમાં તો મંત્ર અને યંત્ર એ બે જ અંગે કેટલીક બાબતો રજૂ કરીશ.

'મંત્ર' સંબંધી મેં "મંત્રવિમર્શ અને જૈન સાહિત્ય" નામનો એક [1]લેખ લખ્યો હતો. એમાં મેં નિમ્નલિખિત વિગતોને સ્થાન આપ્યું હતુંઃ—

પર્યાય, અર્થ, નિરુક્ત, વ્યુત્પત્તિ, વ્યાપકતા, વ્યાખ્યા, મંત્રની સિદ્ધિ અને એનાં પાંચ સોપાન, મંત્રયોગનાં ૧૬ અંગો, મંત્રસિદ્ધ, મંત્રનો પ્રભાવ, મંત્રના પ્રકારો, મંત્રના બીજાક્ષરો, પલ્લવો, મંત્રનો યંત્ર સાથેનો સંબંધ, કેટલાક મંત્રો તેમ જ અર્થવિચારણા.

"ઉવસગ્ગહરં સ્તોત્ર સ્વાધ્યાય" નામનું જે પુસ્તક થોડા વખત ઉપર "જૈન સાહિત્ય વિકાસ મંડલ" તરફથી પ્રકાશિત કરાયું છે તેનો 'ઉપોદ્ઘાત' લખવાનું મને આ મંડલ તરફથી આમંત્રણ મળતાં મેં આ પુસ્તકમાં 'મંત્ર' વિષે પૃ. ૮-૧૨, ૧૫, ૧૭, ૩૧, ૫૪-૫૬, ૭૧ અને ૭૫-૭૯માં છૂટી છવાઇ અપાયેલી [2]વિગતો સંકલિત કરી 'મંત્ર-પરામર્શ' તૈયાર કર્યો હતો પરંતુ એ તેમજ ઉપોદ્ઘાતમાંથી બીજી પણ કેટલીક સામગ્રી સ્થળ સંકોચને લીધે જતી કર્યાનું જાણવા મળે છે.

મંત્ર વિષે વિશેષ ન કહેતાં એટલું જ કહીશ કે કવિકુલપ્રભકૃત પાર્શ્વનાથસ્તવમાં કમઠાધિષ્ઠિત મંત્ર છે, ઓવવાઇય (સુત્ત ૧૬)ની અભયદેવસૂરિકૃત ટીકામાં "हरिणगमेष्यादिमन्त्राः" એવો ઉલ્લેખ છે, મંત્ર જૃંભદ્ર એ એક પ્રકારના દેવોનું નામ છે. ઉવસગ્ગહરથોત્તની હર્ષકીર્તિસૂરિએ રચેલી ટીકામાં દર્શાવાયેલો મંત્ર ધરણ, ઇન્દ્ર, પદ્માવતીદેવી અને પાર્શ્વ યક્ષથી અધિષ્ઠિત છે. તેમજ નેમિદાસકૃત ધ્યાનમાલા (ઢાલ ૫,

---

૧ આ લેખ "જૈનધર્મ પ્રકાશ" (પુ. ૮૬, અં. ૬ અને ૭-૮)માં બે કટકે છપાયો છે.

૨ આમાંની ઘણીખરી વિગતો "વિસહર-ફુલિંગ" મંત્ર સાથે સંબંધ ધરાવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કડી ૭)ના જ્ઞાનવિમલસૂરિકૃત બાલાવબોધમાં [1]મન્ત્ર ચૂડામણિ નામના કોઇ જૈન કે પછી અજૈન ગ્રન્થનો ઉલ્લેખ છે.

નમિઊણ-થોત્ત (ગા. ૯)ની સમયસુન્દરગણિકૃત વૃત્તિ (પૃ. ૨૪)માં નિમ્નલિખિત ઉલ્લેખ છે.

"जाङ्गुल्यादिविषाणां सम्बन्धी ये मन्त्रा गरुडादिसिद्धमन्त्रा द्वादशाक्षरी"

નેમિદાસકૃત ધ્યાનમાળા (ઢા. ૨, કડી ૧૧)માં "ગારૂડ-મંત્ર"નો અને એના બાલાવબોધ (પૃ. ૮૮)માં "ગારૂડ-જાંગુલી મંત્ર" એવો ઉલ્લેખ છે.

## (૨) મંત્રના બીજાક્ષરો

મંત્રના બીજાક્ષરને સંક્ષેપમાં 'મંત્રબીજ' કહે છે. એ મંત્રના સારરૂપ છે. તંત્રશાસ્ત્રની જેમ મંત્રશાસ્ત્રમાં પણ અનેક એકાક્ષરી શબ્દો વપરાય છે. આ શબ્દો તે બીજાક્ષરો છે. એ પ્રત્યેકમાં-દરેક મંત્રબીજમાં એક જ સ્વર હોય છે. સંસ્કૃત ભાષામાં અક્ષરનો મુખ્ય અર્થ 'સ્વર' છે. આથી મંત્રબીજોમાં વ્યંજન એક કરતાં વધારે હોય તો પણ તેમાં 'સ્વર' તો એક જ હોય છે. આમ પ્રત્યેક બીજ એકાક્ષરી છે 'એકાક્ષરી' એટલે એક સ્વરવાળો શબ્દ.

"એકાક્ષર નામ કોષ સંગ્રહ" નામનું એક પુસ્તક "રાજસ્થાન પુરાતન ગ્રન્થમાળા"માં પ્રસિદ્ધ થનાર છે એમ મારા જાણવામાં આવ્યું ત્યારે મને એમ લાગ્યું કે એમાં "મંત્ર બી કોષ" હશે પરંતુ જ્યારે એ પુસ્તક મુદ્રિત સ્વરૂપે મેં જોયું ત્યારે મને ખબર પડી કે [2]એમાં મંત્રબીજકોષ કે એ નામથી એ જાતની કૃતિને તો શું પણ 'કલિ૦ હેમચંદ્રસૂરિએ એકસ્વરી શબ્દોને અવ્યય માની જે પરિશિષ્ટ રચ્યું છે તેને પણ આ મુદ્રિત પુસ્તકમાં સ્થાન અપાયું નથી.

મુંબઇ સરકારની માલિકીની જે હસ્તલિખિત પ્રતિઓ "ભાંડારકર પ્રાચ્ય વિદ્યા સંશોધન મંદિર"માં છે તેમાં પાર્શ્વનાથ-મહાસ્તવ યાને ધરણોરગેન્દ્રસ્તવની વિવૃત્તિની એક [3]પ્રતિ એના અંતમાં "બીજકોષ" છે. એમાં વિવિધ મંત્રબીજો અને એનાં નામો અપાયાં છે. આ સંપૂર્ણ બીજકોષ [4]D C G C M (Vol. XIX, sec. 1, pt. I, p. 340)માં એ જેવો મળ્યો તેવો મેં ઉદ્ધૃત કર્યો છે. એમાં અશુદ્ધિઓ જોવાય છે. તે સુધારી એ "મંત્રબીજ કોષ"ના નામે પ્રસિદ્ધ થવો ઘટે. "જૈન ગ્રન્થાવલી" (પૃ. ૨૮૬)માં મંત્ર બીજકોષનો ઉલ્લેખ છે. એની નોંધ જિનરત્નકોષ (વિ ૧, પૃ.

---

૧ આના કર્તાનું નામ વગેરે જાણવામ નથી.

૨ એમાં ૨૯ કૃતિઓ રજૂ કરાઇ છે અને એમાંના મનનીય "સંચાલકીય વક્તવ્ય"માં કોશોના પ્રકારો વિષે નિરૂપણ છે. એ પૂર્વે, સંસ્કૃતમાં રચાયેલાં ધર્મશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર, શબ્દશાસ્ત્ર એમ વિવિધ શાસ્ત્રોના ઉદ્ભવ ઉપર પ્રકાશ પડાયો છે.

૩ એ ઓછામાં ઓછી સો વર્ષ જેટલી તો પ્રાચીન છે જ એમ મારું નમ્ર મંતવ્ય છે.

૪ આના ૧૭-૧૯ ક્રમાંકવાળા ત્રણે ખંડ પેટાખંડો સાથે મેં ૧૯૩૦-૧૯૩૬ના ગાળામાં તૈયાર કર્યા હતા. તેમાં પ્રસ્તુત પેટાખંડ સને ૧૯૫૭માં છપાયો છે. ૧૭મો ખંડ અને ૧૮મા ખંડનો એક પેટાખંડ પૂર્વે પ્રકાશિત થયા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૩૦૧)માં છે. શું એજ કૃતિ તે ઉપર્યુક્ત બીજકોષ છે? ઈ. સ. ૧૯૩૭માં જે "શ્રી ભૈરવ પદ્માવતીકલ્પ" નામનું પુસ્તક પ્રકાશિત કરાયું છે તેમાં લગભગ અંતમાં પૃ. ૪૬–૪૮માં "મન્ત્રાક્ષરોનો બીજ કોષ" છપાયો છે. એમાં મંત્ર બીજો તેમજ તેનાં નામો અપાયાં છે. આ કોષ શાને આધારે રચાયો છે તેનો કોઈ ઉલ્લેખ જણાતો નથી. ગમે તેમ પણ "મંત્ર બીજકોશ" જેવું પુસ્તક તૈયાર કરવામાં એ તેમજ મલ્લિષેણકૃત વિદ્યાનુશાસન (પરિ. ૨)માંનો "બીજકોષ" પણ ઉપયોગી થઈ પડે તેમ છે કે જે "યોગ-શાસ્ત્ર (પ્ર. ૮)નું સવિસ્તર વિવરણ" (પૃ ૧૦૨–૧૦૩)માં ઉદ્ધૃત કરાયો છે. મંત્ર બીજો અને એનાં નામો વિષે કેટલાક છૂટાછવાયા ઉલ્લેખો જે મારા જોવામાં આવ્યા છે તે હું હવે નોંધું છું.

હેમ યોગશાસ્ત્ર (પ્ર. ૮, શ્લો.)ની સ્વોપજ્ઞ વિવૃતિ (પત્ર ૧૦૨અ)માં નીચે મુજબ પાંચ બાણો દર્શાવાયાં છે.

द्राँ, द्रीँ, क्लीँ, ब्लूँ અને सः

આ પાંચેને ભૈરવ-પદ્માવતી કલ્પ (પરિ. ૩, શ્લો. ૩૫)માં કામબાણો કહ્યાં છે.

ઉવસગ્ગહરથોત્ત ઉપર જિનપ્રભસૂરિએ અર્થકલ્પલતા નામની વૃત્તિ વિ. સં. ૧૩૬૫માં રચી છે. આ સ્તોત્રની દ્વિતીય ગાથામાં "વિસહર-ફુલિંગ-મંત્ર" ઉલ્લેખ છે, એની વૃત્તિમાં આ મંત્રને ભગવાનના નામથી ગર્ભિત ૧૮ અક્ષરોનો [1]મંત્ર કહ્યો છે. એમાં પ્રારંભમાં તારબીજ, ત્રૈલોક્યબીજ અને અર્હત્ બીજ અને અંતમાં તત્ત્વબીજ અને પ્રણિપાત બીજનો નિર્દેશ કરતાં આ ૧૮ અક્ષરનો યંત્ર ૨૮નો બને છે એમ કહ્યું છે. પરંતુ એ બીજોથી કયા કયા અક્ષરો અભિપ્રેત છે તે સૂચવાયું નથી હર્ષકીર્તિસૂરિએ એ નીચે પ્રમાણે દર્શાવ્યો છે:—

"ॐ ह्रीँ श्रीँ अर्हं नमिऊण पास विशहर वसह जिण फुलिंग ॐ ह्रीँ श्रीँ अर्हं नमः"

આ ૨૮ અક્ષરનો એ સૂરિએ કહ્યો છે. પરંતુ 'अर्हं'થી બે અક્ષર ગણતાં તો ૩૦ થાય છે. એને એકેક ગણીએ તો ૨૮ થાય. [2]વળી "તત્ત્વબીજ"નો અર્થ "ॐ ह्रीँ श्रीँ अर्हं" કરવો પડે, કેમકે બાકી એ ચારે તો અનુક્રમે તારબીજ યાને પ્રહાણબીજ ત્રૈલોકયબીજ, કમળાબીજ અને અર્હત્-બીજ છે. ભૈ૦ પ૦ ક૦માં "મંત્રાક્ષરોનો બીજ કોષ" (પૃ. ૪૬)માં એને વાગ્બીજ તથા તત્ત્વબીજ કહેલ છે, જ્યારે "ઉવસગ્ગહરં સ્તોત્ર સ્વાધ્યાય" (પૃ. ૯)માં કહ્યું છે કે [3]મંત્રશાસ્ત્રોમાં 'તત્ત્વબીજ'થી હ્રીંકાર જ ઈષ્ટ છે. આમ કહી ॐથી માંડીને फुलिंग સુધી અને ત્યાર બાદ ह्रीं नमः એ મંત્ર

૧ આ મંત્ર અહીં દર્શાવાયો નથી પરંતુ હર્ષકીર્તિસૂરિએ ઉવ. ની વ્યાખ્યા (પૃ. ૧૭)માં એ નીચે મુજબ જણાવ્યો છે—

"नमिऊण पास विसहर वसह जिणफुलिंग." "व (वि)" છપાયું છે તે 'બ' જોઈએ.

૨ આ રીતની ગણતરી "મહાપ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર યાને જૈન મંત્રવાદની જયગાથા" (પૃ. ૧૯૫)માં કરાઈ છે.

૩ એક આ પૈકી એકનો પણ નામ નિર્દેશ કરી અભિપ્રેત પાઠ અપાયો હોત તો તે આધારભૂત ગણાત તત્ત્વબીજ એટલે ह्रीं એ બાબત હું આગળ ઉપર દર્શાવનાર છું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દર્શાવી એ ૨૬ જ અક્ષરોનો જ થાય છે એમ ઉમેરાયું છે. अर्हंને દ્વયક્ષરી ન ગણતા એકાક્ષરી જ ગણવા માટે હું બે બાબતો રજૂ કરું છું:

(૧) મંત્રબીજ એકાક્ષરી જ હોય છે એમ મનાય છે એટલે अर्हं મંત્રબીજ હોઇ એકાક્ષરી ગણાય.

(૨) "अर्हमित्यक्षरं ब्रह्म" શરૂ થતા પદ્યમાં अर्हंનો એકાક્ષર તરીકે ઉલ્લેખ છે, નહિ કે દ્વયઅક્ષરી રૂપે.

અહીં એ ઉમેરીશ કે કેટલીક વાર અમુક મંત્રને અમુકાક્ષરી કહેતી વેળા अर्हंને દ્વયક્ષરી ગણેલ છે એટલે હું આવો નિર્ણય વિશેષજ્ઞોને સાદર ભળાવું છું અને અંતિમ નિર્ણય સૂચવવા તેમને વિજ્ઞપ્તિ કરું છું.

ઉવ૦ની સમયસુન્દરે રચેલી ટીકામાં 'તત્ત્વબીજ' એટલે "ॐ ह्रौँ स्वाहा' એવો ઉલ્લેખ છે. ત્યારબાદ કહ્યું છે કે અગ્નિ, વાયુ અને આકાશ એ ત્રણ તત્ત્વો છે. પછીથી એ નિર્દેશ કરાયો છે કે [1]ॐ ह्राँ ह्रौँ [2]मम स्वाहा એ ત્રણ બીજો સહિત મંત્ર ૨૮ વર્ણનો થાય છે. આ નિર્દેશ કેવી રીતે સંગત ગણવો તે બાબત પણ વિશેષજ્ઞોને ભળાવું છું.

ઉપર્યુક્ત ધ્યાનમાલા (ઢા. ૪, કડી ૨)ના બાલાવબોધમાં નીચે મુજબનું કથન છે.

ह्रौँ એ વશ્યબીજ છે તેમજ क्लौँ કાયબીજ, क्षौँ ઉચ્ચાટન બીજ, श्रौँ લક્ષ્મીબીજ ब्लुँ શર (બીજ) છે.

અહીં "પ્રણવ કહેતાં ઓંકાર" એવો ઉલ્લેખ છે.

ઢા. ૪, કડી ૫ માં માયા, શ્રી, વહ્નિ અને કામ એ ચાર બીજોનો નિર્દેશ છે: એના બાલાવબોધમાં માયા, શ્રી, વહ્નિ અને કામના અનુક્રમે વશ્ય, લક્ષ્મી, તેજ અને પ્રતાપ એમ અર્થો કરાયા છે.

ઢા. ૪, કડી ૨૨નો ઉત્તરાર્ધ નીચે મુજબ છે.

"ॐ ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः स्वाहाः"

આના બાલાવબોધમાં કહ્યું છે કે ક્ષાંના પાંચ બીજક, રકારનાં પગ પ્રકારનાં ૫ અને કકાર તથા લકાર એ બંનેના પાંચ પાંચ જોડી છે "वषट् वौषट् स्वधा ४ ઈત્યાદિ યથાચિંચિત જોડી છે."

ઉપર ह्राँ ઇત્યાદિ પાંચ દર્શાવાયેલ છે તેમ क्षाँ क्षीँ વગેરે તેમજ रां री ઇત્યાદિ સમજવાનાં છે.

રત્નશેખરસૂરિએ સિરિવાલકહાની ગા. ૧૯૬, ૨૦૦ અને ૨૦૨માં પણવ (સં. પ્રણવ)નો અને ગા. ૨૦૧ અને ૪૦૧માં માયાબીય (સં. માયાબીજ)નો ઉલ્લેખ છે. એ અનુક્રમે ॐ અને ह्रौँ નાં સૂચક છે.

સમયસુન્દરગણિએ સાત સ્મરણોને અંગે સુખબોધિકા નામની વૃત્તિ રચી છે. એમાં નમિઊણથોત્ત (ગા. ૧૮)ની વૃત્તિ (પૃ. ૨૭–૨૮)માં અગ્નિબીજ, ત્રૈલોક્યબીજ, વાયુબીજ, નભોબીજ અને પંચભૂતબીજો એવાં મંત્રબીજોનાં નામો આપી અનુક્રમે ॐ, ह्रौँ, સ્વાહા તેમજ ક્ષિપ ॐ સ્વાહા એમ મંત્ર બીજો દર્શાવ્યો છે.

---

૧. પાઠાંતર તરીકે 'ॐ ह्रौँ श्रौँ मम स्वाहा' છે.

૨. ઉવ. સ્વાધ્યાય (પૃ. ૧૨)માં 'मम' પછી કૌંસમા 'नमः' છે તે ભ્રાન્ત છે એમ નમિઊણ થોત્ત (ગા. ૧૮)ની સમયસુન્દરગણિકૃત વૃત્તિ જોતાં જણાય છે વિશેષમાં "જૈન શ્રેયસ્કર મંડળ" તરફથી સને ૧૯૫૧માં પ્રકાશિત "પંચપ્રતિક્રમણાદિ સૂત્રાણિ" (પૃ. ૨૬૧)માં "મન વાયુ શબ્દે પવન બીજ છૂટક છે એમ કહ્યું છે."



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉવ૦ (ગા. ૨)ની વૃત્તિમાં એ ગણિએ ત્રૈલોક્યબીજ, કમલાબીજ, અર્હદ્બીજ, તત્ત્વબીજ અને પ્રણિપાતબીજ (અર્થાત્ નમઃ)નો ઉલ્લેખ કર્યો છે. આગળ ઉપર અગ્નિબીજ, સકલભુવનબીજ, વાયુબીજ અને આકાશ (બીજ) એમ કહી એ દ્વારા અનુક્રમે ૐ, હ્રીઁ સ્વા અને હાનો ઉલ્લેખ કર્યો છે.

મુનિ સુન્દરસૂરિએ સન્તિકર-થોત્ત રચ્યું છે. એની બીજી ગાથામાં ૐ, ક્ષ્રૌઁ અને સ્વાહાનો અને ત્રીજી ગાથામાં ૐ, સૌઁ અને હ્રીઁનો ઉલ્લેખ છે. આ કૃતિ ઉપર કોઈ કે સંક્ષિપ્ત વિવરણ સંસ્કૃતમાં રચ્યું છે. એની હાથપોથીનો પરિચય મેં D C G C M (Vol. XIX, sec. I, pt. 1, pp. 135–136)માં આપ્યો છે. અહીં મેં આ વિવરણનું નામ 'શાન્તિસ્મરણાર્થાણ' સૂચવ્યું છે. અનેકાર્થરત્નમંજૂષા માટે સંતિકરથોત્તનું એક અવચૂરિ સહિત મેં સંપાદન કર્યું હતું અને એનાં મુદ્રણપત્રો પણ મેં તપાસ્યાં હતાં પરંતુ એ પ્રકાશિત કરાયું નહિ અને મારી પાસે એનાં મુદ્રણપત્રો હતાં તે મેં એક મુનિવરને આપી દીધાનું મને સ્ફુરે છે. અત્યારે મારી પાસે આ સ્તોત્રનું-સ્મરણનું એક પણ સંસ્કૃત વિવરણ નથી કે જે આંકડાંના મંત્રબીજાદિના ઉપર પ્રકાશ પાડે. આમ હોઈ શ્રી પ્રતિક્રમણસૂત્ર-પ્રબોધ ટીકા (ભા. ૩, પૃ. ૬૯૫-૬૯૭)માંથી ખપ પૂરતી બાબતો નોંધું છું.

'ક્ષ્રૌં સ્વાહા' એ મંત્રના અંતે બોલાતું પલ્લવ છે.

ક્ષ્રૌં એ મંત્રબીજ શાકિનીએ કરેલા ઉપદ્રવનું નિવારણ કરનારું છે.

સૌં એ મંત્રબીજ છે[1] અને એ ભક્તામરસ્તોત્રના યંત્રોમાં વપરાયું છે.

હ્રીઁ એ સિદ્ધવિદ્યાનું બીજ છે. એ વિષે કેટલીક માહિતી નિમ્ન લિખિત ગ્રંથોમાંથી મળે છે:—

યોગશાસ્ત્ર, [2]હ્રીઁકારકલ્પ, [3]ભૈ૦ પ૦ ક૦ (અધિ૦ ૩, શ્લોક ૩૩-૩૪), મહાસ્વચ્છંદતંત્ર અનેક બીજ નિઘંટુ.

માનદેવસૂરિએ (લઘુ)શાન્તિસ્તવ રચ્યો છે. એ માંત્રિક અને ચમત્કારી સ્તવન શાન્તિ તન્ત્રની ગરજ સારે છે. એના દ્વિતીય પદ્યના પ્રારંભમાં ૐ છે. એના ૧૪ મા પદ્યનો નિમ્નલિખિત ઉત્તરાર્ધ વિવિધ મંત્ર બીજો પૂરાં પાડે છે.

"ओमिति नमो नमो ह्राँ ह्रीँ ह्रूँ ह्रः यः क्षः ह्रौँ फट् फट् स्वाहा'

આનો વિચાર કરાય તે પૂર્વે એ નોંધીશ કે [4]અદ્ભુત-પદ્માવતી કલ્પના તૃતીય પ્રકરણ (શ્લો. ૧૪)માં હ્રાઁ હ્રીઁ હ્રૂઁ હ્રૌઁ અને હ્રઃ ને

(ક્રમશઃ)

–૪

૧ બીજનું નામ અહીં દર્શાવાયું નથી.

૨ આ તેમ જ બૃહત્-હ્રીઁકાર-કલ્પામ્નાય અને હ્રીઁકાર વર્ણન સ્તવનની નોંધ મેં જૈ. સં. સા. ઇ. (ખંડ ૨, ઉપખંડ ૨-૪, પૃ. ૨૪૯)માં લીધી છે.

૩ આના કર્તાનું નામ 'ભૈરવ' છે.

૪. આ કૃતિ "ભૈરવ-પદ્માવતી-કલ્પ" નામના પુસ્તકમાં પ્રથમ પરિશિષ્ટ તરીકે છપાવાઈ છે. એનો સંક્ષિપ્ત પરિચય મેં જૈ. સં. સા. ઇ. (ખંડ ૨, ઉપ. ૨-૪, પૃ. ૨૪૧-૨૪૩)માં આપ્યો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ

## સંવત ૨૦૨૬ના આસો વદી

| ફંડ અને જવાબદારીઓ | રૂા. પૈસા | રૂા. પૈસા |
| --- | --- | --- |
| **બીજા અંકિત કરેલા ફંડ ;** | | |
| ફંડના પરિશિષ્ટ મુજબ | ૧,૩૮,૭૯૧-૬૪ | ૧,૩૮,૭૯૧-૬૪ |
| **જવાબદારીઓ :** | | |
| ખર્ચ પેટે | ૧૭૦૩-૧૫ | |
| પુસ્તક પ્રકાશન ખાતે | ૧૦૭૫૪-૦૦ | |
| ભાડા અને બીજી અનામત રકમો પેટે | ૨૮૯-૦૦ | |
| અન્ય જવાબદારીઓ | ૧૩૩૦૮-૮૮ | ૨૬,૦૫૫-૦૩ |
| **ઉપજ ખર્ચ ખાતું :** | | |
| ગઈ સાલની બાકી જમા | | |
| બાદ : ચાલુ સાલનો ઘટાડો ઉપજ ખર્ચ ખાતા મુજબ | | |
| ઉમેરો : ચાલુ સાલનો વધારો ઉપજ ખર્ચ ખાતા મુજબ | | |
| સરવૈયા ફેરના | — | ૧-૪૩ |
| કુલ રૂા... | | ૧,૬૪,૮૪૮-૧૧ |

ઉપરનું સરવૈયું મારી માન્યતા પ્રમાણે ટ્રસ્ટના ફંડો તથા જવાબદારીઓ તેમજ મિલકત તથા લ્હેણાનો સાચો અહેવાલ રજુ કરે છે.

**ખીમચંદ ચાંપશી શાહ-ટ્રસ્ટી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભા, ભાવનગર

## અમાસના રોજનું સરવૈયું

| મિલકત તથા લેણું | રૂ. પૈસા | રૂ. પૈસા |
|---|---|---|
| **સ્થાવર મિલકત :** ગઈ સાલની બાકી | ૧,૦૧,૮૨૧-૯૦ | |
| | | ૧,૦૧,૮૨૧-૯૦ |
| **રોકાણો :** સીક્યોરીટીઝ; | | |
| શેરો : મહાલક્ષ્મી મીલ્સના શેરો | — | ૨૦૦-૦૦ |
| **સ્ટોક :** પુસ્તક સ્ટોક | ૧૧૭૪૨-૯૫ | |
| કાગળ સ્ટોક | ૮-૦૦ | |
| | | ૧૧૭૫૦-૯૫ |
| **લોન :** ડીપોઝીટ-ભાવનગર ઇલેકટ્રીક કું. | | ૫૫-૦૦ |
| **એડવાન્સીઝ :** | | |
| ટ્રસ્ટીઓને : | ૧૪૩-૫૦ | |
| નોકરોને : | ૨૨૧-૩૦ | |
| પુસ્તકો તૈયાર કરવા : | ૭૬૫૪-૨૪ | |
| બીજાઓને : | ૧૧૨૬-૦૦ | |
| | | ૯૧૪૫-૦૪ |
| **વસુલ નહિ આવેલી આવક :** | | |
| ભાડું : | ૨૨૯૯-૫૭ | |
| બીજી આવક : | ૪૮૯-૪૩ | |
| | | ૨૭૮૯-૦૦ |
| **રોકડ તથા અવેજ :** | | |
| (અ) બેંકમાં ચાલુ ખાતે : | — | |
| બેંકમાં સેવીંગ્ઝ ખાતે સ્ટેટ બેંક તથા દેના બેંક | ૧૦૪૦૦-૮૦ | |
| બેંકમાં ફીકસ્ડ ડીપોઝીટ ખાતે દેના બેંક : | ૧૮૬૨૫-૦૦ | |
| (બ) ટ્રસ્ટી/મેનેજર પાસે : | ૨૫૪-૪૧ | |
| પોસ્ટલ સ્ટેમ્પસ : | ૩૯-૨૪ | |
| | | ૨૯૩૧૯-૪૫ |
| **ઉપજ ખર્ચ ખાતું :** | | |
| ગઇ સાલની બાકી ઉધાર : | ૯૭૯૩-૪૨ | |
| ઉમેરો : ચાલુ સાલની તુટના ઉપજ ખર્ચ ખાતા મુજબ : | — | |
| બાદ : ચાલના વધારાના ઉપજ ખર્ચ ખાતા મુજબ : | ૪૨૬-૫૫ | |
| | | ૯૩૬૬-૮૭ |
| **કુલ રૂ.....** | | ૧૬૪૪૪૮-૧૧ |

અમારા આ સાથેના આજ તારીખના રીપોર્ટ મુજબ

તા. ૪-૮-૭૧
ભાવનગર

Sanghavi & Co.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓડીટર્સ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સંવત ૨૦૨૬ના આસો વદી અમાસના રોજ પુરા

| આવક | | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|---|
| **ભાડા ખાતે :— (લેણી/મળેલી)** | | — | ૫૭૧૯-૫૦ |
| **વ્યાજ ખાતે :— (લેણી/મળેલી)** | | | |
| સીક્યુરીટીઝ ઉપર | | — | |
| લોન/ડીપોઝીટ ઉપર | | — | |
| બેન્કના ખાતા ઉપર | | ૬૧૬-૦૪ | ૬૧૬-૦૪ |
| **બીજી આવક :** | | | |
| પેકીંગ ખર્ચનો વધારો | | ૧-૬૦ | |
| જ્ઞાન ખાતાનો વધારો | | ૮-૫૫ | |
| પસ્તી વેચાણ | | ૬૨-૨૦ | |
| જાહેર ખબર | | ૭૪૦-૦૦ | |
| મેમ્બર ફી | | ૩૦-૦૦ | |
| પુસ્તક વેચાણના નફાના | | ૨૦૪-૫૧ | |
| અનામત પુસ્તક વેચાણ | | ૧૮૪-૩૨ | |
| અન્ય આવક | | ૩-૭૩ | ૧,૨૩૪-૯૧ |
| **રીઝર્વ ફંડ ખાતેથી લાવ્યા :** | | — | ૧૯૫૬-૦૦ |
| **બાદ જે સરવૈયામાં લઈ ગયા તે :** | | | |
| કુલ આવક | ૯૫૨૬-૪૫ | | |
| બાદ : ટ્રાન્સફર | ૧૯૫૬-૪૫ | | |
| | ૭૫૭૦--૪૫ | | |
| **કુલ રૂા...** | | | ૯,૫૨૬-૪૫ |

તારીખ ૪-૮-૭૧

**ખીમચંદ ચાંપશી શાહ-ટ્રસ્ટી** ભાવનગર

For Private And Personal Use Only

# સભા, ભાવનગર

## થતા વરસ માટે આવક અને ખર્ચનો હિસાબ

| જાવક | રૂા. પૈસા | રૂા. પૈસા |
|---|---|---|
| **મિલ્કત અંગેનો ખર્ચ :** | | |
| મકાન રીપેર | ૧૮૬-૯૫ | |
| પગાર | — | |
| વીમો | ૨૨૯-૫૦ | ૪૧૬-૪૫ |
| **વહીવટી ખર્ચ :** | — | ૨,૭૪૯-૮૧ |
| **ઓડીટ ફી :** | — | ૫૦-૦૦ |
| **ફાળો અને ફી :** | — | ૬૧-૦ |
| **પરચુરણ ખર્ચ :** | — | ૩૯૧-૧૩ |
| **વ્યાજ ખર્ચના :** | — | ૨-૦૦ |
| **રીઝર્વ અથવા અંકિત ફંડ ખાતે લીધેલી રકમો :** | — | ૪૮૬-૨૧ |
| **ટ્રસ્ટના હેતુઓ અંગેનું ખર્ચ :** | | |
| બીજા ધર્માદા હેતુઓ | ૪૬૯૩-૨૪ | ૪,૬૯૩-૨૪ |
| **વધારો સરવૈયામાં લઈ ગયા તે :** | — | ૪૨૬-૫૫ |
| **કુલ રૂા....** | | ૯,૫૨૬-૪૫ |

અમારા આ સાથેના આજ તારીખના રીપોર્ટ મુજબ

**Sanghavi & Co.**

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓડીટર્સ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શાપરીઆ

: બનાવનારા :

- બાર્જીસ
- લાઇફ બોટસ
- ટગ્ઝ
- ડ્રેજર્સ
- પોન્ટુન્સ
- મુરીંગ બોયઝ
- બોયન્ટ એપરેટસ

વિગેરે..................

શીપ બીલ્ડર્સ અને એન્જીનીઅર્સ

: બનાવનાર :

- રોલીંગ શટર્સ
- ફાયર પ્રુફ ડોર્સ
- રોડ રોલર્સ
- વ્હીલ બેરોઝ
- રેફ્યુઝ હેન્ડ કાર્ટસ
- પેલ ફેન્સીંગ
- સ્ટીલ ટેન્કસ

વિગેરે..................

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું. પ્રાઇવેટ લીમીટેડ.

ચેરમેન :-શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેકટર :-શ્રી અમૃતલાલ ભાણજીભાઈ શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ-૧૫ (ડી. ડી.)

એન્જીઅરીંગ વર્કસ અને ઓફિસ
પરેલ રોડ, કોસ લેન,
મુંબઈ-૧૨ (ડી. ડી.)

ફોન : ૪૪૦૦૭૧, ૪૪૦૦૭૨, ૪૪૩૧૩૩
ગ્રામ : 'શાપરીઆ' શીવરી-મુંબઈ.

ફોન : ૩૭૦૮૦૮, ૩૭૪૮૯૩
ગ્રામ : 'શાપરીઆ' પરેલ-મુંબઈ.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સમાચાર

## ભાવનગરમાં ચાતુર્માસ પરાવર્તન અને મહોત્સવ

ભાવનગર નૂતન ઉપાશ્રયે બિરાજમાન પૂ. આચાર્ય શ્રી વિજયધર્મધુરંધરસૂરીશ્વરજી મહારાજ સાહેબ, મુનિશ્રી મનોજ્ઞવિજયજી, મુનિશ્રી કુંદકુંદવિજયજી આદિ પરિવાર તથા અન્ય મુનિ મહારાજ, સાધ્વીજી મહારાજ શ્રીસંઘ સાથે કા. શુદિ ૧૫ના સવારે ૬–૩૦ વાગે નૂતન ઉપાશ્રયેથી વાજતે ગાજતે મોટા દેરાસર પધાર્યા ત્યાં શ્રી શત્રુંજય–પટ્ટના દર્શન કરી જૈન સંસ્કૃત પાઠશાળાએ પધાર્યા હતા.

ત્યાંથી ૮–૩૦ વાગે, ચાતુર્માસ પરાવર્તન નિમિતે વાજતે ગાજતે સૌ જૈન સોસાયટીમાં શ્રેષ્ઠિવર્ય શ્રી જેઠાલાલ ભગવાન તથા શ્રી જગજીવન ભગવાનના નિવાસ સ્થાને પધાર્યા હતા. સૂરીશ્વરજીના સ્વાગત માટે સ્થળે સ્થળે કમાનો શણગારવામાં આવી હતી. અને નિવાસ સ્થાનમાં ભવ્ય મંડપ ઊભો કરી શણગારવામાં આવ્યો હતો, ૧૦–૩૦ વાગે સૌ નિવાસ સ્થાને પધારતા પૂ. સૂરીશ્વરજીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. અને પ્રભાવના લઇ સૌ વિખરાયા હતા.

આ શુભ પ્રસંગને અનુલક્ષીને શ્રી જેઠાલાલ તથા શેઠ જગજીવનદાસ તરફથી શ્રી કેસરીયાજીની પેઢી પાલીતાણામાં રૂ. ૫૦૦૦) આપવાની જાહેરાત કરવામાં આવી હતી અને સંઘમાં ઘર દીઠ બુંદીના લાડવાની પ્રભાવના કરવામાં આવી હતી.

ઉપરાંત સવારથી સાંજ સુધી સાકરના પાણીની, વ્યવસ્થા રાખવામાં આવી હતી અને બપોરે શ્રી વિજયધર્મધુરંધરસૂરિ કૃત શ્રી આદિજિન પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવી તથા શ્રી કૃષ્ણનગર સોસાયટીનું સ્વામિવાત્સલ્ય અને રાત્રે ભાવના રાખવામાં આવી હતી. જેનો ભાવિકોએ સારી સંખ્યામાં લાભ લીધો હતો.

આ પ્રસંગે શ્રી કૃષ્ણનગર જૈન સોસાયટી તરફથી કા. શુ. ૧૨ રવીવારે કુંભ સ્થાપન કરી અષ્ટાન્હિકા મહોત્સવ યોજવામાં આવ્યો હતો. મહોત્સવ દરમિયાન પ્રતિદિન વિવિધ પૂજાઓ તથા કા. વ. ૫ રવિવારે શાહ વ્રજલાલ ભગવાનદાસ ઉમરાળાવાળા તરફથી શાન્તિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. શા મહાસુખભાઇ હીરાચંદ મહુવાવાળાએ પૂજ્યશ્રીના પોતાને ત્યાં પગલા કરાવી સંઘપૂજન આદિનો લાભ લીધો હતો.

સાર બાદ કા. વ. ૬ સોમવારે પૂ. ધર્મધુરંધરસૂરીજી મહારાજ આદિ શેઠશ્રી ભોગીલાલ મગનલાલના નિવાસ સ્થાને વાજતે ગાજતે પધાર્યા હતા. બે દિવસની ત્યાંની સ્થિરતા દરમિયાન, વ્યાખ્યાન, પૂજા, પ્રભાવના, ભાવના આદિ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. વ્યાખ્યાન સમયે ભાવનગરના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહારાજા વીરભદ્રસિંહજી તથા મહારાણી સાહેબા તથા અન્ય આગેવાન શહેરીઓ અધિકારીઓ તથા શ્રીસંઘે સારી સંખ્યામાં હાજરી આપી હતી.

આ પ્રસંગે શેઠશ્રી ભોગીલાલભાઈ મગનલાલભાઈ તરફથી કેસરીયાજીની પેઢી-પાલીતાણામાં રૂા. ૨૦૦૦ જાહેર કર્યા હતા.

ત્યારબાદ કા. વ. ૮ના પૂ. સૂરીશ્વરજી આદિ મુનિમંડળ સાથે દાદાસાહેબ સોસાયટીમાં શ્રી પન્નાલાલ લલ્લુભાઈ પટણી-મહુવાવાળાના બંગલે ધામધૂમપૂર્વક પધાર્યા હતા. બે દિવસની સ્થિરતા દરમિયાન ત્યાં વ્યાખ્યાન, પૂજા-પ્રભાવના, ભાવના આદિ કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. તેનો જનતાએ સારા પ્રમાણમાં લાભ લીધો હતો.

ત્યારબાદ પૂ. સૂરીશ્વરજી આદિ દાદાસાહેબના ઉપાશ્રયે વાજતે-ગાજતે પધાર્યા. તે પછી કા. વ. ૧૧ ને શનિવારે પૂ. સૂરીશ્વરજી આદિ પરિવાર વાજતે-ગાજતે વડવાના ઉપાશ્રયે પધારતા. ત્યાં વ્યાખ્યાન-પૂજા-ભાવના-પ્રભાવનાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

ત્યારબાદ પૂનઃ દાદાસાહેબના ઉપાશ્રયે પધારતા ત્યાં નવાણું અભિષેકની પૂજા રાગરાગણીપૂર્વક ભણાવવામાં આવી હતી. ત્યારબાદ પૂ. સૂરીશ્વરજી મહારાજ આદિ શહેરના નૂતન-ઉપાશ્રયે ધામધૂમથી પધાર્યા છે.

વડવાના ઉપાશ્રયે ચાતુર્માસ બિરાજમાન ઉપાધ્યાય શ્રી ધર્મવિજયજી મહારાજ, મુનિશ્રી ચારિત્ર-વિજયજી મહારાજ તથા સાધ્વીશ્રી વનિતાશ્રીજી આદિએ ચાતુર્માસ પરાવર્તન-ઠાણાઓઠાણા માટે વડવા નિવાસી સેઠ પ્રેમચંદ છગનલાલની વિનતિથી ઉપાધ્યાયશ્રી વગેરે શેઠ પ્રેમચંદભાઈના નિવાસસ્થાને પધાર્યા હતા. જ્યાં, ઉપાધ્યાયશ્રીને ૮૪ વરસ થયા હોવાથી રંગબેરંગી સાથીયા ઉપર એક એક રૂપિયો મુકીને તેઓશ્રીનું સ્વાગત કરવામાં આવ્યા બાદ પૂ. ઉપાધ્યાયશ્રીએ સમયોચિત પ્રવચન કર્યું હતું. ત્યારબાદ પ્રભાવના લઈ સૌ વિખરાયા હતા. આ પ્રસંગે વડવામાં રહેતા જૈન ભાઈઓને ત્યાં લાડવાની પ્રભાવના કરવામાં આવી હતી.

# સંસ્થા સમાચાર

નૂતન-વર્ષના અભિનંદન માટેની દૂધ-પાર્ટી, આ સભાના સ્વ. પ્રમુખશ્રી ગુલાબચંદ આણંદજીની મળેલી આર્થિક સહાયથી પ્રતિવર્ષ કરવામાં આવતી દુધપાર્ટીમાં સભ્યોએ સારો લાભ લીધો હતો. તેમ જ ગુરૂ-પૂજન કરવામાં આવેલ હતું

કા. શુ. ૫ના સભાના હોલમાં જ્ઞાન-રચના કરવામાં આવી હતી.

આ સભાની જનરલ સભા તા. ૭-૧૧-૭૧ના રોજ સભાના પ્રમુખ શ્રીયુત ખીમચંદ ચાંપશી શાહના પ્રમુખપણા નીચે મળતા સં. ૨૦૨૬નું સરવૈયુ તથા હિશાબ મંજૂર કરવામાં આવેલ (જે આ અંકમાં અન્યત્ર આપવામાં આવેલ છે) ત્યારબાદ નવા વરસનું બજેટ મંજૂર કરી સભામાં ઉત્કર્ષની કેટલીક ચર્ચા-વિચારણા કરી પ્રમુખશ્રીનો આભાર માની સૌ વિખરાયા હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પાયધુની જંકશનનું "વિજયવલ્લભ ચોક" તરીકે નામાભિકરણ.

યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે ધર્મ, રાષ્ટ્ર અને સમાજના અનેકવિધ ક્ષેત્રો માટે ચિરસ્મરણીય સેવા અર્પેલ છે. તેઓશ્રીની જન્મ શતાબ્દી નિમિત્તે, મુંબઇ નગરપાલિકાએ પાયધુની જંકશનને 'વિજયવલ્લભ ચોક' નામ આપવાનો ઠરાવ કરતાં નામકરણ સમારંભ રવિવાર તા. ૭-૧૧-૧૯૭૧ના રોજ સવારે પાયધુનીના રસ્તા ઉપર મોટી માનવમેદની વચ્ચે યોજાયો હતો.

મુંબઇના મેયર ડો. હેમચંદ્ર ગુપ્તેએ પાયધુની જંકશનને 'વિજયવલ્લભ ચોક' નામ આપવાની વિધિ કરતાં જણાવ્યું હતું કે આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીની સેવાઓને સ્મરણીય બતાવવા આ જંકશન સાથે નામ જોડવાનું જાહેર કરતાં આનંદ અનુભવું છું. આચાર્યશ્રીએ ભારતીય સંસ્કૃતિ જાળવવા તેના પ્રચાર અર્થે સુંદર પ્રયાસો કર્યા હતાં. ભારતીય સંસ્કૃતિમાં જગતને આકર્ષવા માટેના તત્ત્વો છે. એ આપણે હાલમાં પાશ્ચાત્ય જગતમાં જાગેલી ભક્તિરસની ભાવના પરથી જોઇ શકીએ છીએ.

અતિથિવિશેષ તરીકે મુંબઇના શેરીફ શ્રી શાહીલાલ જૈને જણાવ્યું હતું કે, જૈનોના જ નહીં પણ રાષ્ટ્રને પ્રેરણારૂપ આ મહાપુરૂષ હતાં માનવતાની દ્રષ્ટિએ થતાં કાર્યો જનકલ્યાણકારી હોય છે, વિશાળ દૃષ્ટિથી રચનાત્મક કાર્યો થવા જોઇએ.

મુંબઇના ભૂતપૂર્વ નગરપતિ શ્રી ગણપતિશંકર એન. દેસાઇ, ડો. શાંતિ પટેલ, સુધરાઇ સભ્યો શ્રીમતી જયવંતીબેન મહેતા શ્રી તારાબેન ધીરૂભાઇ પરીખ, શ્રી ઇબ્રાહીમ ગાંધી, જૈન આગેવાન શ્રી પોપટલાલ રામચંદ શાહ, મુંબઇ પ્રદેશ કોંગ્રેસ કમિટી (જુની)ના અધ્યક્ષશ્રી મુકુંદરાવ પાટીલ વગેરેએ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીજીની સેવાઓને બિરદાવી હતી.

પ્રારંભમાં ઉપાધ્યાયશ્રી પ્રકાશવિજયજી મહારાજ તથા ઉપાધ્યાયશ્રી સુરેન્દ્રવિજયજી મહારાજે સમાજ અને રાષ્ટ્રની જે સેવાઓ કરેલ છે તેની વિગતો આપી આચાર્યશ્રીના ગુણાનુવાદ કરી આજના સમારંભની સફળતા ઇચ્છી હતી.

જન્મ શતાબ્દીના મંત્રીશ્રી જયંતિલાલ રતનચંદ શાહે સૌનું સ્વાગત કર્યું હતું. અને મુંબઇ જૈન સ્વયંસેવક મંડળના પ્રમુખશ્રી દીપચંદભાઇ એમ. શાહે આવેલા સંદેશાઓનું વાંચન કર્યું હતું.

છેલ્લે શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના પ્રમુખ શ્રી હીરાલાલ એલ. શાહે આભારદર્શન કર્યું હતું.

## આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી જન્મશતાબ્દી શિક્ષણ ટ્રસ્ટ લોન—સહાય

યુગદર્શી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની જન્મ શતાબ્દીની ઉજવણી મુંબઇ અને ભારતના અનેક સ્થળોએ ગતવર્ષમાં ઉજવાઇ. જન્મશતાબ્દીની યાદગીરીમાં આચાર્ય મહારાજશ્રીને પ્રાણપ્રિય એવી વિદ્યાવૃદ્ધિની પ્રવૃત્તિને વેગ મળે તે માટે જન્મશતાબ્દી શિક્ષણ ટ્રસ્ટનું આયોજન કરવામાં આવેલ છે.

આ યોજના મુજબ ટેકનોલોજી કે ડોકટરીનું, ડિગ્રી કે ડિપ્લોમાનું ઉચ્ચ વ્યવહારિક શિક્ષણ લેવા ઇચ્છતા તથા જૈન સાહિત્ય, તત્વજ્ઞાન કે સંસ્કૃતિને લગતા વિષયનું વિશિષ્ટ અધ્યયન કરવા ઇચ્છતા જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક વિદ્યાર્થી ભાઇ બહેનોને લોનરૂપ સહાય આપવાનો પ્રારંભ જન્મ શતાબ્દી વર્ષમાં જ કરવામાં આવેલ છે.

શિક્ષણ ટ્રસ્ટમાંથી લોન અખિલ ભારતીય ધોરણે આપવાની હોઇ લોન મેળવવા અંગે દરેક પ્રાંતોમાં પ્રચાર કરવામાં આવ્યો હતો. કુલ ૧૬૧ અરજીઓ આવી હતી, જેમાં ૮૬ અરજી ધારાધોરણ બહારની હોવાથી ૭૫ અરજીઓ મંજુર કરી દરેકને રૂા. ૭૫૦-૦૦ પ્રથમ વર્ષમાં લોન આપવા ઠરાવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રંથો

## સંસ્કૃત ગ્રંથો

| | રૂા. પૈ. |
|---|---|
| ૧ વસુદેવ હિણ્ડી-દ્વિતીય અંશ | ૧૦-૦૦ |
| ૨ બૃહત્કલ્પ સૂત્ર ભા. ૬ ઠ્ઠો | ૨૦-૦૦ |
| ૩ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિતમ્ ભા. ૨, પર્વ ૨,૩,૪ (મૂળ સંસ્કૃત) પુસ્તકાકારે | ૧૨-૦૦ |
| ૪ ,, ,, પ્રતાકારે | ૧૫-૦૦ |
| ૫ દ્વાદશારં નયચક્રમ્ | ૪૦-૦૦ |
| ૬ સમ્મતિતર્ક મહાર્ણવાવતારિકા | ૧૫-૦૦ |
| ૭ તત્ત્વાર્થાધિગમસૂત્રમ્ | ૧૫-૦૦ |
| ૮ પ્રબંધપંચશતી | ૧૫-૦૦ |

## અંગ્રેજી ગ્રંથો

| | |
|---|---|
| 1 Anekantavada by H. Bhattacarya | 3-00 |
| 2 Shree Mahavir Jain Vidyalaya Suvarna Mahotsava Granth | 35-00 |

卐

## ગુજરાતી ગ્રંથો

| | રૂા. પૈ. |
|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૧૫-૦૦ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૦-૦૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૪-૦૦ |
| ૪ શ્રી આદિનાથ ચરિત્ર | ૧૫-૦૦ |
| ૫ આદર્શ જૈન સ્ત્રીરત્ન ભા. ૨ | ૨-૦૦ |
| ૬ કથારત્ન કોષ ભા. ૧ | ૧૨-૦૦ |
| ૭ કથારત્ન કોષ ભા. ૨ | ૧૦-૦૦ |
| ૮ આત્મ વલ્લભ પૂજા સંગ્રહ | ૩-૦૦ |
| ૯ આત્મ કાન્તિ પ્રકાશ | ૧-૫૦ |
| ૧૦ જ્ઞાન પ્રદીપ ભા. ( ૧ થી ૩ સાથે ) પૂ. આ. વિજયકસ્તૂરસૂરિજી | ૧૦-૦૦ |
| ૧૧ સ્યાદ્વાદ મંજરી | ૧૫-૦૦ |
| ૧૨ અનેકાન્તવાદ | ૨-૦૦ |
| ૧૩ નમસ્કાર મહામંત્ર | ૨-૦૦ |
| ૧૪ ચાર સાધન | ૨-૦૦ |
| ૧૫ ભગવાન મહાવીર યુગના ઉપાસકો. | ૨-૦૦ |
| ૧૬ જાણ્યું અને જોયું | ૨-૦૦ |

**નોંધ:**—સંસ્કૃતમાં ૧૦ ટકા અને ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં ૧૫ ટકા કમિશન કાપી આપવામાં આવશે. પોષ્ટ ખર્ચ અલગ. આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

: લખો :

## શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.


તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ – શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રીમંડળ વતી
પ્રકાશક અને માલિક : શ્રી જૈન આત્માનંદ સભા
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર

For Private And Personal Use Only